RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 269* Date: 26.07.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદીએ ૭૯મી વખત મન-કી-બાત થકી દેશવાસીઓને સંબોધ્યા

# કોરોના ગયો તેવું માનનારા લોકોને મોદીએ કોરોના ગયો નથી તે યાદ કરાવ્યું




**દરેક દેશવાસીને આજે 'ભારત જોડો આંદોલન'નું નેતૃત્વ કરવાનું છે, તમારા તરફથી મળેલ સૂચન જ 'મન કી બાત' ની અસલી શક્તિ છે, આપણે નેશન ફર્સ્ટ, ઓલ્વેઝ ફર્સ્ટના મંત્ર સાથે આગળ વધવાનું છે, દેશના વિકાસ માટે એકજૂટ થવાની જરૂર**

*ન્યુ દિલ્હી,તા.૨૫*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારના રોજ પોતાના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતના ૭૯મા કાર્યક્રમમાં રાષ્ટ્રની જનતા પાસે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ૨૭ જૂનના રોજ વડાપ્રધાન મોદીએ ગત 'મન કી બાત'ના સંબોધનમાં લોકોને રસી લેવા વિનંતી કરી હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, રસી લીધા બાદ ઘણા લોકોને થોડા કલાકો માટે નજીવો તાવ આવે છે. આવા કપરા સમયે રસી ન લેવી તે તમારા પરિવાર અને ગામ માટે વધુ જોખમી સાબિત થઈ શકે છે. જ્યારે વડાપ્રધાન મોદીએ ૭૯મી મન કી બાતમાં ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦માં ભારતનું પ્રતિનિધિત્વ કરનારી ટીમનો ઉત્સાહ વધારવા માટે પણ લોકોને તાકીદ કરી હતી.

વડાપ્રધાન મોદીએ ૭૯મી મન કી બાતમાં જણાવ્યું કે, આવનારા તમામ તહેવારો માટે હું આપ સૌને અભિનંદન પાઠવું છું. તહેવારો અને ઉમંગ વચ્ચે યાદ રાખજો કે, કોરોના હજૂ ગયો નથી. તહેવારોની ઉજવણી વચ્ચે કોરોના ગાઈડલાઈનનું કડક રીતે પાલન કરવાનું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને પાણી બચાવવા અને પાણીનો કરકસરપૂર્વકનો ઉપયોગ કરવાને પોતાની જીવનશૈલીનો ભાગ બનાવવા માટે વિનંતી કરી છે. આપણે આપણી આવનારી પેઢી માટે પાણી બચાવવાની જરૂર છે. પાણીનું દરેક ટીપુ કિંમતી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ્યોર્જિયામાં યોજાયેલો એક પ્રસંગ યાદ કર્યો હતો. જેમાં વદેશ મંત્રી એસ. જયશંકર દ્વારા સેન્ટ ક્વીન કેટેવનનો અવશેષ જ્યોર્જિયન સરકારને આપ્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ પ્રસંગ દરમિયાન ભારત માટે કેટલાક ખૂબ પ્રશંસાત્મક શબ્દો કહેવામાં આવ્યા હતા જે હંમેશા યાદગાર રહેશે.

મોદીએ જણાવ્યું કે, હવે મણિપુરના ઉખરુલમાં સફરજનની ખેતી જોવા મળી રહી છે. જ્યાંના ખેડૂતો બગીચામાં સફરજનની ખેતી કરી રહ્યા છે. આ લોકો હિમાચલ પ્રદેશમાં અનુરૂપ તાલીમ લેવા માટે ગયા હતા. આ લોકોમાં ટીએસ રિંગફામિ યંગ છે. જે વ્યવસાયથી એરોનોટિકલ એન્જિનિયર છે.

કોરોના સંક્રમણ બાદ બેરની ખેતીમાં વધારો થઈ રહ્યો છે. એક ૩૨ વર્ષના યુવાન મિત્ર ત્રિપુરાના ઉનાકોટીના બિક્રમજીત ચકમા છે. બિક્રમજીતે બેરનું વાવેતર શરૂ કર્યું હતું. જે બાદ અન્ય લોકોને પણ બેર ખેતી માટે પ્રોત્સાહિત કર્યા હતા. જે કારણે તમામને બેરના વાવેતરથી મોટો ફાયદો મળ્યો છે.

એક સમય હતો, જ્યારે નાના બાંધકામોમાં પણ વર્ષોનો સમય લાગતો હતો, પરંતુ આજે ભારતમાં ટેક્નોલોજીને કારણે પરિસ્થિતિ બદલાઈ રહી છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આપણે વોકલ ફોર લોકલની જેમ રોજિંદા કામ કરતી વખતે પણ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીએ છીએ. આપણા દેશના સ્થાનિક ઉદ્યોગ સાહસિકો, કલાકારો, કારીગરો, વણકરોને ટેકો આપવો તે આપણા સહજ સ્વભાવમાં હોવો જોઈએ.

આવતીકાલે ૨૬ જુલાઈ છે, દેશ રાષ્ટ્ર કારગિલ વિજય દિવસની ઉજવણી કરશે. તો ચાલો આપણે વર્ષ ૧૯૯૯માં રાષ્ટ્રને ગૌરવ અપાવનારા જવાનોને શ્રદ્ધાંજલિ આપીએ. આ વર્ષે કારગિલ દિવસ અમૃત મહોત્સવ ઉજવવામાં આવશે. કારગિલ યુદ્ધ વિશે વાંચવા અને આપણા યોદ્ધાઓને યાદ કરવા માટે હું લોકોને વિનંતી કરું છું.

## જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સેનાએ એક આતંકીને ઠાર કર્યો



કુલગામ,તા.૨૫

જમ્મુ-કાશ્મીરના કુલગામના મુનંદમાં ૨૫ જુલાઈની સવારથી સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર મુનંદમાં ચાલી રહેલા એક્રાઉન્ટરમાં એક આતંકીને ઠાર કરવામાં આવ્યો છે. હાલ પોલીસ અને સુરક્ષાકર્મીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. હજૂ સુધી મૃતક આતંકવાદીની ઓળખ થઈ શકી નથી. આ સાથે આસપાસના વિસ્તારમાં એક એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

પોલીસ અને સેનાની સંયુક્ત ટીમ દ્વારા મુનંદ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. ગુપ્તચર વિભાગ દ્વારા પોલીસ અને સુરક્ષા દળોને આ વિસ્તારમાં આતંકવાદીઓ છૂપાયા હોવાની માહિતી આપવામાં આવી હતી. પોલીસ અને સેનાની સંયુક્ત ટીમે ઈનપુટ્સ મેળવ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જે દરમિયાન આતંકવાદીઓ છૂપાયેલા તે સ્થળે સુરક્ષા દળ અને આતંકવાદીઓ વચ્ચો ગોળીબાર શરૂ થયો હતો.

### પુરથી ૫૪ ગામો સંપૂર્ણ રીતે અને ૮૦૦થી વધુ ગામો આંશિક રીતે અસરગ્રસ્ત

# મહારાષ્ટ્રમાં વરસાદે વિનાશ વેર્યો: ૨૪ કલાકમાં વરસાદ

**૯૯ લોકો ગુમ, ૧,૩૫,૩૧૩ લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડાયા, એનડીઆરએફની ૩૪ ટીમો કામે લાગી**

મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્રમાં ભારે વરસાદે આફત સર્જી છે. મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂરના પ્રકોપથી ૧૧૨ લોકોનાં મોત થયા છે જ્યારે ૯૯ લોકો ગુમ થયા છે. મહારાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે આવેલા પુરથી ૫૪ ગામો સંપૂર્ણ રીતે અને ૮૦૦થી વધુ ગામો આંશિક રીતે અસરગ્રસ્ત થયા છે. જેમાં પુનાના ૪૨૦ ગામ, કોલ્હાપુરના ૨૪૩ ગામ, સાંગલીના ૯૨ અને સતારા જિલ્લાના ૧૨૦ ગામનો સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદના પરિણામે થયેલા ભૂસ્ખલન અને પુરથી ૧૧૨ લોકોના મૃત્યુ થયા છે. કોંકણના રાયગઢમાં સૌથી વધુ વિનાશ થયો છે. જિલ્લામાં ત્રાણ સ્થળોએ ભૂસ્ખલન થયું છે. એકલા મહાડના તલિયા ગામમાં થયેલા ભૂસ્ખલનમાં જ ૫૨ શબને બહાર કાઢવામાં આવ્યા છે અને ૫૩ લોકો ગુમ છે. અહીં ૩૩ લોકો ગંભીર રૂપથી ઘાયલ થયા છે.

સ્ટેટ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ મુજબ રાયગઢ, રત્નાગિરી, સાંગલી, સતારા, કોલ્હાપુર, સિંધુદુર્ગ અને પુનામાં અત્યાર સુધીમાં ૧૧૨ શબને કાટમાળમાંથી કાઢવામાં આવ્યા છે. જ્યારે ૫૩ લોકો ગંભીર રૂપથી ઘાયલ થયા છે. તલિયે ગામ સિવાય રાયગઢ જિલ્લાના પોલાદપુર તાલુકામાં સુતારવાડીમાં ભૂસ્ખલનથી ૫ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે ૧૫ લોકો ઘાયલ છે. કેવલાલે ગામમાં પણ ૫ લોકોના મૃત્યુ થયા છે અને ૬ લોકો ગંભીર રૂપથી ઘાયલ થયા છે. વશિષ્ઠી નદી પર પુલ વહી જવાના કારણે ચિપલૂન તરફ જનાર માર્ગ સંપૂર્ણ રીતે બંધ થઈ ગયો છે. મુંબઈ-ગોવા હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગી છે.

પશ્ચિમ મહારાષ્ટ્રના પુણે મંડળમાં ભારે વરસાદ થઈ રહ્યો છે અને નદીઓ ખતરા પર વહી રહી છે. અત્યાર સુધીમાં ૧,૩૫,૩૧૩ લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા છે. આ પૈકીના ૪૦,૮૮૨ લોકો કોલ્હાપુર જિલ્લામાંથી છે.

કોલ્હાપુર શહેરની પાસે પંચગંગા નદી ૨૦૧૯માં આવેલા પુરના સ્તરથી ઉપર વહી રહી છે. પુના અને કોલ્હાપુરની સાથે મંડળમાં સાંગલી અને સતારા જિલ્લો પણ આવે છે. સાંગલીમાં ૭૮૦૦, સતારામાં ૫૬૫૬, થાણેમાં ૬૩૯૦ અને રાયગઢ જિલ્લામાં ૧૦૦૦ લોકોને સુરક્ષિત જગ્યાએ લાવવામાં આવ્યા છે. વરસાદ દરમિયાન ભૂસ્ખલન અને પુરથી ૩૨૨૧ પાલતુ પશુઓના મૃત્યુ થયા છે. સૌથી વધુ ૩૦૨૪ પશુઓના મૃત્યુ સતારા જિલ્લામાં થયા છે. જ્યારે રત્નાગિરીમાં ૧૧૫, રાયગઢમાં ૩૩, કોલ્હાપુરમાં ૨૭, સાંગલીમાં ૧૩, પુનામાં ૬ અને થાણેમાં ૩ પશુઓએ જીવ ગુમાવ્યા છે.



સતારાના ઘણા વિસ્તાર ભારે વરસાદ અને ભૂસ્ખલનની ઘટનાઓથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે. રાજ્યમાં વરસાદના કારણે સર્જાયેલી પુરની સ્થિતિમાં રાહત અને બચાવ માટે એનડીઆરએફની ૩૪ ટીમને લગાડવામાં આવી છે. જેમાંથી ૮ ટીમને મુંબઈ, પુના અને નાગપુરમાં રિઝર્વ રાખવામાં આવી છે. આ ઉપરાંત નેવીની ૭ ટીમો, એસડીઆરએફની ૮, કોસ્ટગાર્ડની ત્રણ અને એરફોર્સના હેલિકોપ્ટર સહિત આર્મીની ૬ ટીમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફની ૪૮ બોટ અને એસડીઆરએફની ૧૧ બોટ સહિત ૫૯ બોટ દ્વારા લોકોને રાહત આપવામાં આવી રહી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:30**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૮૨૪૭૧૩**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૪૨**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૮૧૪૩૦૭**

### મલિકે ભારતને પ્રથમ ગોલ્ડ અપાવ્યો

## પ્રિયા મલિકે વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતી ભારતનું નામ રોશન કર્યું



)ટોક્યો,તા.૨૫

ભારતીય રેસલર પ્રિયા મલિકએ ઈન્ટરનેશનલ લેવલે ભારતનું નામ રોશન કર્યું છે. તેમણે હંગરીમાં આયોજિત વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો.

એક દિવસ પહેલાં ભારતની વધુ એક પુત્રી મીરાબાઈ ચાનૂએ ટોક્યો ઓલમ્પિકના વેટલિફ્ટિંગ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો અને દરેક હિંદુસ્તાનીઓનું માથું ગર્વથી ઉંચું કરાવી દીધું. હવે મલિક રેસલિંગમાં પોતાનો દમ બતાવ્યો છે.

પ્રિયા મલિક હરિયાણાના જીંદ જીલ્લાની નિવાસી છે. તેમણે ચૌધરી ભરત સિંહ મેમોરિયલ રમત સ્કૂલ નિદાનીની સ્ટૂડેન્ટ છે. પ્રિયાના પિતા જયભગવાન નિડાની ઈન્ડીયન આર્મીમાંથી નિવૃત થઈ ચૂક્યા છે.

પ્રિયા મલિકની સફળતામાં તેમના કોચ અંશુ મલિકનો ખૂબ મોટો રોલ રહ્યો છે. પ્રિયાએ વર્ષ ૨૦૨૦માં યોજાયેલા નેશનલ સ્કૂલ ગેમ્સમાં ગોલ્ડ જીત્યો હતો. આ સાથે જ ગત વર્ષે પટનામાં યોજાયેલી રાષ્ટ્રીય કેડેટ કુશ્તી પ્રતિયોગિતામાં પણ ગોલ્ડ મેડલ જીત્યો. તેમનું સપનું છે કે તે એક દિવસ ઓલમ્પિકમાં ભારતને રિપ્રેજેંટ કરે.

### રસીકરણનો આંકડો ૪૩,૩૧,૫૦,૮૬૪ને પાર

# છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાના નવા ૩૯,૭૪૨ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૯,૭૪૨ નવા કેસો નોંધાયા છે અને સંક્રમણના કારણે ૫૩૫ નવા મોત થયા છે. દેશમાં હવે પોઝિટિવ કેસોની સંખ્યા ૩,૧૩,૭૧,૯૦૧ છે. જ્યારે મૃત્યુ આંકની કુલ સંખ્યા ૪,૨૦,૫૫૧ પર પહોંચી ગઈ છે. તે સમયે છેલ્લા ૨૪ કલાકમાં ૩૯,૯૭૨ દર્દીઓને રજા આપવામાં આવી છે. દેશમાં સક્રિય કેસની કુલ સંખ્યા ૪,૦૮,૨૧૨ છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસની ૫૧,૧૮,૨૧૦ રસી આપવામાં આવી હતી. જે પછી કુલ રસીકરણનો આંકડો ૪૩,૩૧,૫૦,૮૬૪ હતો.

આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહમાં રવિવારે કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી. આરોગ્ય વિભાગના એક બુલેટિનમાં જણાવવામાં આવ્યું હતું કે, દ્વીપસમૂહમાં કોરોના વાયરસના સંક્રમણથી પ્રભાવિત લોકોની સંખ્યા ૭,૫૨૫ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ત્રણ દર્દીઓની સ્વસ્થ થયા પછી જે લોકોની તબિયત સુધરી છે. તેઓની સંખ્યા વધીને ૭,૩૮૨ થઈ ગઈ છે.

કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોરોનાના સારવાર હેઠળ આવતા દર્દીઓની સંખ્યા ૧૪ છે. જ્યારે અત્યારસુધીમાં આ રોગને કારણે ૧૨૯ દર્દીઓના મોત થયા છે. સ્વાસ્થ્ય બુલેટિનમાં જણાવવામાં આવ્યું હતું કે, કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોરોના માટે અત્યાર સુધીમાં ૪.૩૧ લાખ લોકોની તપાસ કરવામાં આવી છે અને કોરોનાની ૨.૮૧ લાખ લોકોને રસી આપવામાં આવી છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ગઈકાલ સુધીમાં કુલ ૪૫,૬૨,૮૯,૫૬૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૨૪ જુલાઈએ વધુ ૧૭,૧૮,૭૫૬ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# અત્યારના આધુનિક સમયમાં ઇન્ટરનેટનો ઉપયોગ લાભ કે ગેરલાભ

*ઈંટરનેટની બે બાજુઓ છે:*

*રચનાત્મક બાજુ અને ખંડનાત્મક બાજ! ઉપયોગિતાની દ્ર્ષ્ટિએ એની પ્રથમ બાજુઓ વિચાર કરીએ તો, ઈંટરનેટ એ અકલ્પ માહિતીઓનો અગાધ દરિયો છે. તે મૂળભૂત રીતે માહિતીઓ ભેગી કરવાનું, અન્ય લોકો સાથે સંવાદિતા સાધવાનું, એક કમ્પ્યૂટર પરથી બીજા કમ્પ્યૂટર પર સંશોધનનોનો ઉપયોગ વહેંચવાનું તથા વાણિજ્યિક હેતુ માટે અને મનોરંજનાત્મક હેતુઓ માટે એમ બહુહેતુક રીતે ઉપયોગમાં આવતું માધ્યમ છે. એની "હ્રૈં" મિતાક્ષરી નામે ઓળખાતી "ફાઈલ ટ્રાંસફર પ્રોટોકોલ" દૂરસ્થિત અન્ય કંપ્યૂટરમાં ફાઈલની આપ-લે કરવા દે છે. એનું "સર્ચ એંજિન" નામનું સાધન, પોતાના બ્રાઉજરમાં આપણી જરૂરિયાત અનુસારનો પ્રશ્ન ટાઈપ કરી, તેનો જવાબ શોધી આપે છે. એની ઉઉઉ નામે ઓળખાતી વર્લ્ડ વાઇડ વેબએ એક એવી સેવા છે જે વેબ સર્વર તરીકે ઓળખાય છે. "વેબ" એટલે કરોળિયાનું જાળું; તેથી આ વિશ્વવ્યાપી એક એવું જાળું છે કે જેના દ્વારા વિશ્વના અનેક કપ્યૂટર સાથે સંપર્ક સાધી શકાય છે અને તેથી તેને ઉઉઉ કહેવામાં આવે છે.*

*આમ, ઈંટરનેટ દ્વારા આપણને ઈલેક્ટ્રોનિક મેઈલ યુઝનેટ અથવા ઈંટરનેટ ન્યૂઝ, ચેટિંગ અને વીડિયો કોંફરંસ જેવી અતિ ઉપયોગી સેવાઓ ઉપલબ્ધ થઈ છે. જે આપણા માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ છે. શિક્ષણના અને જ્ઞાનપ્રાપ્તિ ક્ષેત્રો તો ઈંટરનેટના ફાયદા અપરંપાર અને અવર્ણનીય છે. ઈંટરનેટ એટલો હાથવગો થઈ ગયો છે કે ઘેરબેઠા તમે દુનિયાભરનું, કોઈપણ ભાષાનું, કોઈપણ પુસ્તક ઈંટરનેટ દ્વારા વાંચી-ભણી શકો છો એટલું જ નહિ, કોઈ પણ મુદ્દા પરની વિશ્વભરની ઉપલબ્ધ માહિતી તમે તમારા દીવાનખંડમાં , આગળીમાં વેઢા પર ગણી શકો છો. પરંતુ હવે એના બીજા પાસાની વાત કરીએ તો, ભારત જેવા આર્થિક પછાત દેશ માટે ઈંતરનેટ એ પોષાય એવી સેવા છે જ નહિ, ઈંટરનેટની આપણાં બાળકોના શિક્ષણ અને સ્વાસ્થય પર પણ ભારે વિપરીત અસર પડી રહેલ જોવા મળે છે. ઈંટરનેટના દુરૂપયોગથી આપણું યુવાધન અશિસ્ત્ર અને અસંયમના ગેરમાર્ગે દોરવાઈ રહ્યું છે. વળી, ઈંટરનેટના કારણે ભારત જેવો બેરોજગારીથી પીડાતા દેશમાં બેકારીનું પ્રમાણ પણ ઘણું જ વધી ગયું છે. અને છેલ્લે, શિક્ષણની વાત કરીએ તો શિક્ષણમાં ઈંટરનેનો પ્રવેશ થવાથી એને ઉપયોગ વધવાથી શિષ્ય -ગુરુ વચ્ચેના પવિત્રસંબંધો પર પૂર્ણવિરામ મુકાતું જાય છે. ઈ-મેઈલ, વ્હાટસએપ જેવી સુવિધા થવાથે વ્યકતિ-વ્યકતિ વચ્ચેના સામાજિક સંબંધો, પ્રત્યક્ષ મળવાની પ્રક્રિયા વગેરે બંધ થઈ જતા માનવ -માનવ વચ્ચેનું અંતર વધતું જાય છે. ટપાલખાતું તો લગભગ મૃતઃ પ્રાય થઈ હાય એવી ઘડીઓ ગણાઈ રહી છે. બાળકો અને યુવાનો ઈંટરનેટ પર રજૂ થતાં મનોરંજનાત્મક કાર્યક્ર્મ પાછળ પોતાનો કિમતી સમય વેડફી રહ્યા છે; જેને પરિણામ એમનો બૌદ્ધિક વિકાસ અટકી ગયો છે. નેટવર્ક ન્યૂઝ સેવાના કારણે વર્તમાનપત્રોના સેવાવર્તુળ પર પણ માઠી અસર જોવા મળે છે.*

*અંતમાં આટ્લું ઉમેરીને સમાપન કરીએ તો, ઈંટરનેટનો સમજપૂર્વક અને સુયોગ્ય ઉપયોગ, મર્યાદામાં રહીને થાય તો, અલબત્ત, આપણો દેશ એકવીસમી સદી સાથે તાલ મિલાવીને સર્વાંગી વિકાસ કરી શકવાની ક્ષમતા ધરાવે છે; અને જો એનો ગેરસમજભર્યો તથા વધુ પડતો અતિરેક થશો તો નિઃશંક આપણને ન કેવળ આર્થિક ક્ષેત્રે બલકે કૌટુંબિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ ભારેમાં ભારે નુકસાન પહોંચાડવાની તાકાત ધરાવે છે. અંતમાં "ઈંટરનેટ" શબ્દ એ ઇન્ટર કનેક્શન એન્ડ નેટવર્ક આ બે શબ્દો પરથી ઉતરી આવેલો શબ્દસમોપોહ છે. આ ઈંટરનેટ એ વિશ્વવ્યાપી માહિતીઓનું જાળું છે. હકીકતમાં ઈંટરનેટ એક નેટવર્ક છે. આ નેટવર્ક દુનિયાભરમાં ફેલાયેલું છે. ઈંટરનેટ નેટવર્કનો અર્થ થાય છે. એકસમાન લાક્ષણિકતાઓ ધરાવતી ઘણી બધી વસ્તુઓ વચ્ચેનું આંતર જોડાણ.*

# બાયડ : વારેણા ગામના કુવામાંથી ગુમ યુવતીનો મૃતદેહ મળ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

બાયડ તાલુકાના વારેણા ગામની ૩ દીવસથી ગુમ થયેલ યુવતીની લાશ રવિવારે ગામ નજીક આવેલા એક કુવામાંથી કોહવાઈ ગયેલ હાલતમાં મૃતદેહ મળી આવતા પરિવારજનો અને ગ્રામજનોના ટોળેટોળા ઉમટ્યા હતા ત્રણ દિવસથી ગુમ યુવતીની લાશ કુવામાં તરતી હોવાની જાણ બાયડ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી યુવતીની લાશને કુવામાંથી બહાર કાઢી પીએમ માટે ખસેડી હતી બાયડ પોલીસે મૃતક યુવતીના ભાઈની ફરિયાદના આધારે ગામના પ્રેમી યુવક સહીત તેના પરિવારજનો સામે દુષ્પ્રેરણનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહીતી અનુસાર, વારેણા ગામની ૧૯ વર્ષીય સરોજબેન રામાજી પરમાર નામની યુવતીને ગામના જ જગદીશ જુજારભાઈ સોલંકી સાથે પ્રેમ સબંધ હતો ત્રણ દીવસ અગાઉ સરોજ બેનને જગદીશ સોલંકીનો ભાઈ કેતન ઘરકામ કરવા લઇ ગયા પછી જગદીશ જુજાર સોલંકીની પત્ની માતા-પીતા અને તેના ભાઈ તેમજ તેની પત્નીએ સરોજબેન સાથે મારઝૂડ કરતા હોવાની જાણ સરોજના ભાઈ અને તેના પરિવારજનો જગદીશ સોલંકીના ઘરે પહોંચી તેની બહેન સરોજ અંગે પૂછપરછ કરતા તેમની સાથે ઝગડો કરતા અને અન્ય લોકોએ ઉપરાણું લેતા તેમને હોંકી કાઢ્યા હતા ત્યાર બાદ સરોજ બેન ઘરે પરત ન ફરતા આ અંગે સરોજ બેનના ગુમ થવા અંગે જાણવાજોગ ફરિયાદ બાયડ પોલીસ સ્ટેશનમાં આપી હતી અને સરોજની શોધખોળ જારી રાખી હતી ત્યારે ગામના સરપંચે સરોજની લાશ ગામના કુવામાં તરતી હોવાની જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી સરોજનો મૃતદેહ જોઈ પરિવારજનો ભાંગી પડ્યા હતા અને બાયડ પોલીસને જાણ કરતા પીએસઆઈ પરમાર સહીત કાફલો સ્થળ પર પહોંચી મૃતક યુવતીની લાશને કુવામાંથી બહાર કાઢી પીએમ માટે બાયડ સરકારી દવાખાને ખસેડી દીધી હતી

બાયડ પોલીસે મૃતક સરોજબેનના ભાઈ સમીરભાઈ રામજીભાઈ પરમારની ફરીયાદના આધારે ૧)જગદીશ જુજારભાઈ સોલંકી,૨) કેતન જુજારભાઈ સોલંકી,૩) જુજારભાઈ સોમાભાઈ સોલંકી,૪)જશીબેન જુજારભાઈ સોલંકી,૫) પૂજાબેન જગદીશ સોલંકી અને ૬) પ્રવિણાબેન કેતન સોલંકી (તમામ,રહે વારેણા, તા-બાયડ) સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા હતા

# પત્રકારત્વ-લેખનને પૂરક એવી દસ્તાવેજીકરણની સફર






પત્રકારત્વની સફરની શ્રેણી વાંચતી વખતે કેટલાંક મિત્રોએ એવી જિજ્ઞાસા પ્રગટ કરી કે 'તમે આટલું બધું, જરૂર પડ્યે હાથમાં આવે એ રીતે સાચવ્યું કેવી રીતે? તમે દસ્તાવેજીકરણ શી રીતે કરો છો?' દસ્તાવેજીકરણની ખાસિયતને કેટલાક લોકો મારું 'ટ્રેડ સિક્રેટ' પણ માનતા હોય છે. એ વિશે હું ન લખું અને તે 'રહસ્ય' જ રહે, તો તેના નામે ભવિષ્યમાં જેવી વાર્તાઓ કરવી હોય તેવી કરી શકાય. પણ એ વિકલ્પ જતો કરીને દસ્તાવેજીકરણ વિશે લખવાનો પ્રયાસ કરી જોઉં. તેમાં ઘણી અંગત અને પત્રકારત્વની સફરમાં અપ્રસ્તુત લાગે એવી વાતો હશે. પણ તેની બાદબાકી કરીને લખવું શક્ય નથી.

વસ્તુઓ સાચવવાની, ઠેકાણે મુકવાની આદતની શરૂઆત કૌટુંબિક પરંપરાથી થઈ. ઘરમાં મમ્મી, કદાચ દાદી અને અમારા કૌટુંબિક વડીલ કનુકાકા—આ લોકો સાચવણીનાં બહુ આગ્રહી. ઝીણામાં ઝીણી ચીજો સાચવીને સંઘરે. એ જમાનાના રિવાજ પ્રમાણે, ક્યારેક તો વસ્તુઓ વાપરે પણ નહીં. ફક્ત સાચવે. એ રીતે ઘરમાં ઘણું સચવાયેલું. જૂનાં વાસણ, દાદાનું નામ ધરાવતી કૉકરી, દાદાના નામના પ્રથમાક્ષરો ઝઝ્દ્ધ ધરાવતી શેતરંજીઓ, પતરાની મોટી પેટીઓ, પપ્પા-કાકાઓ-ફોઈના લગ્નની કંકોત્રીઓ, તેમાં આવેલા ચાંલ્લાની નોટો, જૂનાં પ્રમાણપત્રોપ

મમ્મી-પપ્પાનાં લગ્ન વખતની નોટ

દાદાજીના સમયની કીટલી

મારાં મમ્મી ચોક્સાઈનાં જબરાં આગ્રહી. ભારે કામગરાં પણ ખરાં. અત્યારે ૮૨ વર્ષની ઉંમરે પણ તે ખાલી બેઠેલાં ભાગ્યે જ જોવા મળે. જે વસ્તુ જ્યાંથી લીધી ત્યાં જ મૂકવી, એ તેમની પદ્ધતિ. તે બાબતમાં સ્કૂલકાળમાં હું ભારે અવ્યવસ્થિત. તેમને મારી ઘણી ચિંતા થાય. બીરેન મારી સરખામણીમાં ખાસ્સો વ્યવસ્થિત. છ વર્ષ મોટો. વધારે ઠરેલ. તેનામાં પણ સાચવવાના કૌટુંબિક સંસ્કાર હતા. નાનપણમાં તે એક વાર વૅકેશનમાં મુંબઈ કાકાને ઘેર ગયો, ત્યારે પિતરાઈ ભાઈઓ સાથે તેણે જોયેલી અઢળક ફિલ્મોની ટિકિટો ક્યાંય સુધી એક પાકિટમાં સંઘરી રાખી હતી. (એમ તો મેં પણ 'હેલ્લારો'ની ટિકિટ રહેવા દીધી છે.)

વાચન અને ફિલ્મસંગીતમાં રસ પડવાનું શરૂ થયા પછી મારામાં ખાસ્સો બદલાવ આવ્યો. ફિલ્મસંગીત વિશે ત્યારે ઉપલબ્ધ ટાંચાં સંસાધનો અને આર્થિક મર્યાદાઓ વચ્ચે અમે શોખ પર ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા. તેમાંથી નાના પાયે દસ્તાવેજીકરણ શરૂ થયું. રેડિયો પર જૂનાં ગીત સાંભળતી વખતે, જે ગીત ગમે અને અજાણ્યાં લાગે તેની પહેલી લીટી અને બીજી જે કંઈ વિગત સંભળાઈ હોય, તે અમે એક ચબરખીમાં નોંધી લઈએ. એમ કરતાં ઘણી ચબરખીઓ થાય ત્યાર પછી તેમાંથી સંગીતકાર કે ગાયક પ્રમાણે એક કાગળમાં યાદી બનાવીએ. શા માટે? એક આશય એવો કે ભવિષ્યમાં એ ગીતો મેળવવાનાં છે એવી ખબર પડે. એ વખતે ગુગલ નહીં. ફિલ્મી સાહિત્ય નહીંવત્. એટલે આવી યાદીઓ બનાવવાનો ભારે મહિમા હતો. અમારાથી બમણી-ત્રણ ગણી ઉંમરના લોકો પણ મુકેશની ને કિશોરકુમારની ને રફીની ને શંકર-જયકિશનની ને એવી યાદીઓ બનાવતા. બીજો આશય ફક્ત જાણકારીનો. ત્રણ દાયકા પછી પણ, રેડિયો સિલોનની યુટ્યુબ ચેનલ પર ક્યારેક કોઈ ગીતના શબ્દો કાને પડે, ત્યારે અચાનક બત્તી થાય છે, 'ઓહ, આ તો ચબરખીમાં લખેલું તે.'

ગરમીની રાત્રે બીરેન અને હું પતરાંની અગાસીમાં સૂતા હોઈએ, સાથે રેડિયો હોય. અંધારામાં કાગળ-પેનથી લખતાં ફાવે નહીં. એટલે ચોક સાથે રાખીએ અને કોઈ ગીતની વિગત લખવા જેવી લાગે તો ભીંત પર લખી દઈએ. સવારે ઉઠ્યા પછી તે ચબરખીમાં નોંધી લેવાની. એક વાર તો રાત્રે ભીંત પર એક ગીતના શબ્દો લખ્યા હતા ને અડધી રાત્રે વરસાદ પડતાં ગાદલાં વાળીને અંદર દોડવું પડ્યું. તેમાં ભીંત પર લખેલા ગીતના શબ્દો ભૂંસાઈ ગયા. એ વાત વર્ષો પછી 'ગુજરાત સમાચાર'ની નીચે કીટલી પર લલિત લાડ સાથે અનાયાસે નીકળી. ત્યારે તે વિભાવરી વર્મા નામે રવિવારની પૂર્તિમાં નવલકથા લખતા હતા અને કદાચ તેમાં આર.જે.ની સ્ટોરી હતી. લખેલું ગીત વરસાદથી ધોવાઈ ગયાની વાતમાં તેમને એટલો રસ પડ્યો કે મને કહીને નવલકથામાં તેમણે એ વાતનો ઉપયોગ કર્યો હતો.

ચાહક-વાચક તરીકે રજનીકુમાર પંડ્યાના સંપર્કમાં આવ્યા પછી તેમની પાસેથી બીજી ઘણી બાબતો ઉપરાંત દસ્તાવેજીકરણ અને ચોક્સાઈના વધુ પાઠ જોઈને શીખવા મળ્યા. તેમને રૂબરૂ મળ્યા પણ ન હતા, ત્યારે એસ.ડી. બર્મન વિશેના અમારા એક પત્રના જવાબમાં તેમણે એસ.ડી.બર્મનનું સંગીત ધરાવતી ફિલ્મોની આખી ફિલ્મોગ્રાફી (ફિલ્મવાર ગીતોની સૂચિ)ની ઝેરોક્સ અમને મોકલી આપી. ત્યારે અમને જાણ થઈ કે હાથે બનાવેલાં લિસ્ટ ઉપરાંત સુવ્યવસ્થિત ફિલ્મોગ્રાફી જેવું પણ હોય છે. રજનીભાઈ પાસેથી જ અમને હરમંદિરસિંઘ 'હમરાઝે' સંપાદિત કરેલા 'હિંદી ફિલ્મ ગીતકોશ' વિશે માહિતી મળી. ૧૯૩૧થી ૧૯૮૦ સુધી પાંચ દાયકાના પાંચ ખંડમાં આશ્ચર્યચકિત થઈ જવાય એવું તે દસ્તાવેજીકરણ હતું. તેનો એક નમૂનો અહીં આપું છું. (ફોટો એન્લાર્જ કરીને ઝીણવટથી જોશો તો વધુ ખ્યાલ આવશે.)

ગીતકોશ જોયા પછી ચબરખીઓ બનાવવાની જરૂર ન રહી. 'હમરાઝ' છેક ૧૯૭૧થી 'લિસ્નર્સ બુલેટિન' નામે એક ત્રૈમાસિક કાઢતા હતા. તેનું અમે લવાજમ ભર્યું. એટલું જ નહીં, ચારસો-સાડા ચારસો રૂપિયા જેટલી, ત્યારે માતબર લાગતી રકમ ખર્ચવાનું નક્કી કરીને તેના બધા જૂના અંક મંગાવી લીધા. અંક તો આવી ગયા, પણ તેમાં ક્યાં શું છે તે શોધવાની બહુ તકલીફ પડતી હતી. એટલે મેં ખપ પૂરતું શું ક્યાં છે તેની યાદી બનાવવાનું શરૂ કર્યું. હું જે કરતો હતો તેને સૂચિ કહેવાય, એ પણ મને ખબર ન હતી. (વર્ષો પછી 'હમરાઝે' પોતે 'લિસ્નર્સ બુલેટિન'ની સંપૂર્ણ સામગ્રીની છાપેલી સૂચિ તૈયાર કરી, ત્યારે અમે તેમને અમારી આદિસૂચિ વિશે વાત કરી હતી.)

રજનીભાઈ પાસે જૂનું ઘણું સચવાયેલું જોવા મળે. તેમાંથી જરૂર પડ્યે બધું મળે જ એવું જરૂરી નહીં. તે હંમેશાં ઉમાશંકર જોશીને ટાંકીને કહે, 'અહીંથી કશું ખોવાતું નથી ને અહીં કશું જડતું નથી.' તેમને ત્યાં કામ કરતા હરગોવિંદભાઈ માટે તેમણે એક જોડકણું બનાવ્યું હતું, 'કરે શું જગતનો નાથ, ફરે જ્યાં હરગોવિંદનો હાથ'. છતાં, હરગોવિંદભાઈના કારણે ઘણું મળી આવતું હતું. રજનીભાઈની પોતાની સાચવણ અને તેમાં નવી ટૅક્નોલોજિનો ઉપયોગ કરવાની તત્પરતા ઘણી. એટલે ડિજિટલ ડાયરી અને રેકોર્ડરવાળા ફોન જેવી સામગ્રી અને દસ્તાવેજીકરણ માટે ટૅક્નોલોજિના ઉપયોગો તેમની પાસે જોયા-જાણ્યા.

લેખન-વાચન-સંગીતની બાબતમાં મારું સંપૂર્ણ ઘડતર બીરેનની સાથે થયું. બીરેન વડોદરા રહેવા ગયો ત્યારે એ ભાગ પૂરો થઈ ચૂક્યો હતો. ત્યાર પછી અમારી વચ્ચેનો સતત સંવાદ અને આદાનપ્રદાન ચાલુ રહ્યાં. પણ મહેમદાવાદનું ઘર મોટું હોવાથી પુસ્તકો, કેસેટ, રેકોર્ડ વગેરે બધું ત્યાં રહ્યું. મારા પત્રકારત્વમાં પ્રવેશ પછી, મારે એની જરૂર વધારે પડશે, એવી સમજથી પણ અમારો સહિયારો ખજાનો મહેમદાવાદમાં રહ્યો. બીરેન નોકરી કરતો હતો ત્યારે ઘરે હોવાને કારણે તેની જાળવણીનું કામ પહેલેથી મારું જ હતું.

હું બીએસ.સી.માં ભણતો હતો ત્યારે બીરેને 'ધ ઇલસ્ટ્રેટેડ વિકલી ઑફ ઇન્ડિયા'નું લવાજમ ભર્યું. ત્યાર પહેલાં ઘરમાં અંગ્રેજી છાપું સુદ્ધાં કદી આવતું ન હતું. ગુજરાતી છાપું પણ ખાસ્સો સમય બંધ રહ્યું હતું અને એક પાડોશીને ત્યાંથી વાંચવા લાવવું પડતું હતું. 'વિકલી' આવ્યું અને અમારી નવી ઘડાતી સમજમાં મૂલ્યવાન ઉમેરા લાવ્યું. ફોટોગ્રાફી, કળા અને કાર્ટૂનની અમારી જે કંઈ સમજ ખીલી, તેમાં પ્રીતિશ નાંદીના તંત્રીપદ હેઠળના 'વિકલી'નો બહુ મોટો ફાળો છે. 'વિકલી'માંથી રસ પડે એવા વિષયનાં પાનાં અમે ફાડી લેતા અને તેની ફાઇલ કે દેશી રીતે ગુંદરથી ચોંટાડીને બાઇન્ડિંગ તૈયાર કરતા. મારિયો મિરાન્ડા અને હેમંત મોરપરિયાનાં કાર્ટૂનનાં અમે અમારી દેશી રીતે બાઇન્ડિંગ તૈયાર કર્યાં હતાં, જેથી સાચવવામાં અને ઉપયોગ કરવામાં સુવિધા રહે. શરૂઆતની મુલાકાતોમાં એક વાર એ બાઇન્ડિંગ અમે મોરપરિયાને બતાવ્યું, ત્યારે તે પણ ચકિત થઈ ગયા હતા. ત્યારે તે રેડિયોલોજિસ્ટ તરીકે ચોપાટી પર એન.એમ. મેડિકલમાં બેસતા હતા. ત્યાં કામ કરતા એક ભાઈને તેમણે ઉત્સાહથી અમારું બાઇન્ડિંગ બતાવતાં કહ્યું હતું, 'આ લોકોએ મારા કાર્ટૂનનાં કમ્પાઈલેશન કર્યું છે.'

હેમંત મોરપરિયાનાં કાર્ટૂનનું અમે તૈયાર કરેલું સંકલન અને તેની પર મોરપરિયાએ તેમના કેરિકેચર સાથે કરી આપેલા હસ્તાક્ષર, ૧૯૯૨

મોરપરિયાની જેમ 'વિકલી'માંથી જ તૈયાર કરેલું મારિઓ મિરાન્ડાનાં કાર્ટૂનનું સંકલન

સૌથી પહેલાં ક્રિકેટમાં ઘણો રસ હતો. ત્યારે છાપાંમાંથી ક્રિકેટને લગતા સમાચારનાં કટિંગ કરીને એક ફાઇલમાં રાખતા. 'દૂરદર્શન' પર 'બૉડીલાઇન' સિરીઝ શરૂ થઈ ત્યારે 'ગુજરાત સમાચાર'માં બૉડીલાઇનની ટેસ્ટ સિરીઝ વિશે લેખમાળા આવી હતી. તેનાં પણ કટિંગ રાખ્યાં હતું. તેમાં લેખકનું નામ છેલ્લા ભાગમાં આવ્યું હોવાથી તે મનમાં નોંધાયું ન હતું. પણ પછી નગેન્દ્રભાઈ સાથે કામ કરતી વખતે જાણ થઈ કે એ લેખમાળા તેમણે લખી હતી. 'આવું બધું રાખીને શું કરવાનું?' એવો સવાલ કોઈએ કર્યો ન હતો અને અમને થયો ન હતો. મઝા આવતી હતી. કંઈક સાર્થકતા લાગતી હતી. એટલું પૂરતું હતું. કટિંગ ભેગાં કરવાનું વાતાવરણ ઘરમાં ન હતું. એ અમારાથી શરૂ થયું

નગેન્દ્ર વિજયે ગુજરાત સમાચારમાં લખેલી ત્રણ ભાગની શ્રેણીનો પહેલો ભાગ

જુદી જુદી ક્રિકેટ ટીમના ક્રિકેટરોની જન્મતારીખની બીરેને તૈયાર કરેલી યાદી. તેમાં પાછળથી મેં કેટલાક ઉમેરા કર્યા હતા. આ પાનાંની પાછળ વેસ્ટ ઇન્ડિઝ અને પાકિસ્તાનના ક્રિકેટરોની જન્મતારીખો લખેલી છે.


વાંચવાનું શરૂ થયા પછી અમારું પત્રલેખન શરૂ થયું. ગમતા અને નહીં ગમતા કટારલેખકો સાથે પત્રવ્યવહાર થયો. બીરેન આઈ.પી.સી.એલ.માં કામ કરે અને વડોદરાથી મહેમદાવાદ આવ-જા કરે. એટલે ઘણી વાર પત્રોનો ખરડો હું લખી રાખું. પછી અમે બંને મળીને તેને ફાઇનલ કરીએ અને અમારાં સંયુક્ત નામથી પત્ર જાય. એવા પત્રોના ખરડા પણ ફાડીને ફેંકી દેવાને બદલે અમે તે એક ફાઇલમાં રાખતા હતા. (ફાઇલ એટલે કાણાં પાડીને ફાઇલ કરવાનાં એમ નહીં, પણ તેમાં છૂટા કાગળ સ્વરૂપે રહેવા દેવાના.) એ ફાઇલ હજુ છે. એવી જ રીતે, ઘરે આવતા મિત્રોના પત્રો પણ સાચવીને રાખવાનું શરૂ કર્યું. આશય એટલો જ કે ભવિષ્યમાં ક્યારેક વાંચવાની મઝા આવે. બિનીત મોદીના અને હરીશભાઈ રઘુવંશીના ત્રણેક દાયકા પહેલાંના પત્રોનો મોટો જથ્થો અને બીજા ઘણા પત્રો હજુ સચવાયેલા છે. નવા બનેલા મિત્રોમાં ટૅક્નોલોજિને કારણે પત્રલેખન લગભગ બંધ થયું. છતાં નિશા કે આરતી જેવાં મિત્રોએ ચહીને પત્ર લખ્યો હોય અથવા ક્યાંકથી કાર્ડ મોકલ્યું હોય તો તે પણ આ ખાનામાં જમા છે.

પત્રકારત્વમાં આવ્યા પછી સાચવણીની સામગ્રીનો વ્યાપ વધ્યો. ઘર જૂનું અને મોટું હતું. એટલે જગ્યાની અનુકૂળતા પણ હતી. બરાબર યાદ છે, 'અભિયાન'ના ગાળામાં કે તે છોડ્યા પછી તરતના અરસામાં એક વાર દીપક (સોલિયા) અને હેતલ (દેસાઈ) મહેમદાવાદના ઘરે આવ્યાં હતાં. ઘરના ઉપરના માળે જૂના દાદર પર 'અભિયાન'ના અંકોની થપ્પી પડેલી હતી. તે જોઈને દીપકે હસતાં હસતાં પૂછ્યું, 'ક્રમમાં ગોઠવેલાં તો નહીં જ હોય ને?' મેં કહ્યું, 'બિલકુલ ક્રમમાં જ છે. એમાં મેં કશું કર્યું નથી. હું તો નવો અંક આવે એટલે તેને જૂના અંકની ઉપર મૂકતો હતો, બસ.' તેમાં એક ઉમેરો એટલો કે વચ્ચેથી કોઈ અંક લીધો હોય અને તે પાછો મૂકવાનો થાય, ત્યારે તેની જગ્યાએ જ મૂકવાની પદ્ધતિ રાખી હતી.

પત્રકારત્વમાં આવ્યા પછી શરૂઆતમાં ફક્ત જૂનાં 'ઇલસ્ટ્રેટેડ વિકલી'નાં કટિંગ હતાં. વિષયોની પણ કમી રહેતી. રસના વિષય મર્યાદિત હતા. પરંતુ 'સીટીલાઇફ'માં નગેન્દ્રભાઈ સાથે કામ કર્યા પછી વિષયો સૂઝવા લાગ્યા. અનેક બાબતોમાં, કમ સે કમ લખવા પૂરતો, રસ પડતો થયો. તે વખતે મેં જોયું કે નગેન્દ્રભાઈ પાસે તેમનાં અને તેમના પિતા વિજયગુપ્ત મૌર્યના સમયનાં કટિંગનો મોટો ખજાનો હતો. ત્યારે પણ મને એટલું સમજાતું હતું કે કટિંગ તો કાંતિ ભટ્ટ પાસે પણ હતાં ને નગેન્દ્ર વિજય પાસે પણ. ફક્ત કટિંગથી ઉત્તમ પત્રકારત્વ ન થઈ શકે. માહિતી અને વિગતો બેશક જોઈએ. પણ ઘણું મહત્ત્વ તેને સમજવાની, સરળતાથી સમજાવવાની અને સારી રીતે લખી શકવાની આવડતનું હોય છે, જે નગેન્દ્રભાઈની હતી. એટલે તેમની નકલ ખાતર કે અંજાઈને નહીં, પણ એક પદ્ધતિ તરીકે-અભિગમ તરીકે મને થયું કે મારે મુખ્યત્વે લેખો લખવાના હોય (રિપોર્ટિંગ કરવાનું ન હોય) તો મારી પાસે કટિંગ હોવાં જોઈએ.

એ અરસામાં, 'સંદેશ'ની બીજી ઇનિંગ વખતે, મારી પાસે દેશનાં સાત સારાં અંગ્રેજી પેપર આવતાં હતાં. ઉપરાંત, 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' અને 'ઇન્ડિયન એક્સપ્રેસ' ઘરે આવતાં. તેમાંથી મેં કટિંગ રાખવાનું શરૂ કર્યું. ધીમે ધીમે જથ્થો વધતો ગયો, તેમ હું વિષયવાર કાગળની કોથળીઓમાં કટિંગ મુકતો ગયો. એક તબક્કો એવો આવ્યો કે મારી પાસે આશરે સવાસોથી દોઢસો વિષયનાં કટિંગ હતાં. તેમાં આઇ.ટી.ને લગતી જ પંદર-વીસ કોથળીઓ હશે. જેમ કે, સર્ચ એન્જિન, સર્વિસ પ્રોવાઇડર, ઇ-કોમર્સ, વાયટુકે, ડૉટ કૉમ બબલ, અવનવી વેબસાઇટો, 'હિંદુ'માં આવતી 'નેટસ્પીક' કોલમપ 'બિઝનેસ સ્ટાન્ડર્ડ'માં એ વખતેં ઝઈ નામની પૂર્તિ આવતી હતીઃઈન્ટરનેટ, કમ્યુનિકેશન, એન્ટરટેઇનમેન્ટ. તે આખેઆખી પૂર્તિઓ હું રાખી મૂકતો હતો. છાપાંમાં સમાચારની આસપાસ હું લીટીઓ દોરી દેતો. મમ્મી કે સોનલ તે કાપીને તેની પર તારીખ લખીને પ્લાસ્ટિકની એક કોથળીમાં મુકી દેતાં. એવો મોટો જથ્થો ભેગો થાય, બે-ત્રણ કોથળીઓ ભેગી થાય, એટલે એક દિવસ સવારથી હું કટિંગ ગોઠવણીનું મહાઅભિયાન આદરતો. તેના વિશે પત્રકારત્વની સફરમાં લખ્યું છે. એટલે પુનરાવર્તન કરતો નથી.

સમાચારો ઉપરાંત છાપાંની ઑફિસમાં અને જીવનમાં પણ બનતી ઘણી બધી ઘટનાઓનો રેકોર્ડ રાખવાની મને ટેવ હતી. તેનો સીધો ઉપયોગ કરવાનો કશો ખ્યાલ ન હોય, પણ પ્રક્રિયામાં રસ પડે અને પ્રક્રિયાનું દસ્તાવેજીકરણ આપણે ત્યાં મોટે ભાગે ન હોય. એટલા માટે પણ હું પ્રક્રિયા સાથે સંકળાયેલી, મામુલી લાગતી ચીજો જાળવી રાખવા પ્રયાસ કરું. કોઈ વ્યક્તિ, સંસ્થા કે ક્ષેત્રની લાક્ષણિકતા વ્યક્ત કરતું કંઈ હાથમાં આવે અને મને તે રાખવા જેવું લાગે, તો તે પણ રાખી મુકું. તેની મહાનતાનો ખ્યાલ ન હોય, પણ પ્રક્રિયાની યાદગીરીનો આશય હોય. તે અભિગમને કારણે 'સીટીલાઇફ'ના અંકો કાઢતી વખતે ડાયરીમાં બનાવેલાં શીડ્યુલ કે 'આરપાર'ના વિશેષાંકોના વિચાર વખતે કરેલી રાઇટિંગ પૅડમાં કરેલી કાચી નોંધો સચવાઈ રહ્યાં છે. એવું જ કેટલીક ચિઠ્ઠી-ચબરખીઓ વિશે. અમુક રસપ્રદ ચિઠ્ઠી-ચબરખીઓને જાળવી રાખવા જેવી લાગે, એટલે તેમને રાખી લઉં. તેમને અમુક સમયગાળાના ફોલ્ડરમાં મુકી દઉં. જેમ કે, અભિયાન, સીટીલાઇફ, સંદેશ એવા સમયગાળાનાં એક કે વધુ ફોલ્ડર હોય. 'અભિયાન'માં થોડો સમય રિપોર્ટિંગ કરેલું તે વખતની નોટો પણ છે. ડાયરી, પૅડ, નોટો બધું જાળવી રાખ્યું હોય અને ચોક્કસ ઠેકાણે તેનો થપ્પો મૂક્યો હોય. જરૂર પડે ત્યારે





એ થપ્પામાંથી થોડું ફેંદતાં મોટે ભાગે મળી આવે. ૨૦૦૫ પછી ઑફિસોમાં અંતરંગ રીતે કામ કરવાનું બંધ કર્યું. એટલે ત્યાર પછીની એવી ચીજો ખાસ નથી.

પાંચેક વર્ષની રોજનીશીઓ અને પત્રકારત્વમાં અંદરથી કામ કરતો હતો ત્યારની નોટો-પેડ અને બીજી સામગ્રી

રોજિંદી ડાયરી લખવાનું શરૂ કર્યું, તે પણ દસ્તાવેજીકરણ માટે બહુ ઉપયોગી બન્યું. તે ટેવ વાચનના અને પત્રલેખનના પ્રેમની સાથે આવી હતી. તે સમયે ઘણા લોકો ડાયરી રાખતા હશે. એટલે તેમાં કશી મૌલિકતા ન હતી. પણ લખવાની વૃત્તિને લીધે હું વિગતવાર લખતો હતો. ૧૯૯૧માં ગુજરાત રિફાઇનરીના એપ્રેન્ટિસ તરીકે તાલીમ લેવા માટે છ મહિના મુંબઈ રહ્યો હતો, ત્યારે અમે થોડા મિત્રો બે દિવસ માટે માથેરાન ગયા હતા. તે પ્રવાસની ઘણી વિગતો નોંધાયેલી છે. એક વાર અમે એલિફન્ટા ગયા હતા. તે પ્રવાસની ટિકિટ પણ યાદગીરી માટે ડાયરીના પાછળના ફોલ્ડમાં રહેવા દીધી હતી.

પત્રકારત્વમાં આવ્યા પછી પ્રિય લોકોને વારંવાર મળતો હતો, પત્રકારત્વમાં અને જીવનમાં ઘણું બનતું હતું. તે થોડુંઘણું ડાયરીમા નોંધાયું. તેમાંથી ઘણુંખરું પ્રગટ પણ નહીં થાય. છતાં, મારા માટે તે જૂના પત્રો જેવું જ, રોમાંચપ્રેરક અને ટાઇમટ્રાવેલ કરાવનારું છે.

સાચવણ-દસ્તાવેજીકરણ પાછળ રહેલો વધુ એક અભિગમ એ કે વ્યક્તિની મહત્તા સમજવા માટે હું તેમના મૃત્યુ સુધી રાહ જોતો ન હતો. ચાલુ વર્તમાનકાળમાં મને જે મહત્ત્વપૂર્ણ કે ગુરુજન કે ગાઢ મિત્ર પણ લાગે, તેમની સહજતાથી મળતી ચીજોમાંથી કેટલીક હું સાચવવાની કોશિશ કરું. રજનીકુમાર પંડ્યાનું વ્યક્તિત્વ ઉજાગર કરતી કોઈ ચિઠ્ઠી, 'સીટીલાઇફ'માં જાહેરખબર મેળવવા માટે નગેન્દ્ર વિજયે અંગ્રેજીમાં તૈયાર કરેલું લખાણ કે તેમણે લખીને ચેકો મારેલું કોઈ ગુજરાતી લખાણ, 'અભિયાન' જૂથના બપોરના અખબાર 'સમાંતર'માં હસમુખ ગાંધીએ લખેલો અને પછી વધુ પડતો અંગત પ્રહારાત્મક હોવાથી રદ કરાયેલો તંત્રીલેખપ આવું ઘણું મને મળે તો હું તે સાચવી રાખું.

આઇ.પી.સી.એલ.માં બીરેનના પહેલા પગારમાંથી છ પુસ્તકો અને પછી બે ઑડિયો કૅસેટ ખરીદી, તે પુસ્તક અને સંગીતના સંગ્રહની શરૂઆત. પહેલેથી નક્કી હતું કે સંગ્રહ ખાતર સંગ્રહ કે 'અમારી પાસે આટલા હજાર પુસ્તકો છે કે તેટલા હજાર ગીતો છે'—એવા ફાંકા મારવા માટે કશું કરવાનું નથી. સંગ્રહના આંકડા ફેંકનારા પ્રત્યે મને હંમેશાં અભાવ રહ્યો. ધીમે ધીમે અમારી પાસેનાં પુસ્તકો વધતાં ગયાં, તેમ કબાટ ઉમેરાતાં રહ્યાં. એવું જ ઑડિયો કેસેટ, એલ.પી. અને સીડીનું. મોટા ભાગનું વીણીચૂંટીને ખરીદેલું. ઘણું સેકન્ડ હેન્ડમાંથી. કોઈની પાસેથી મળ્યું, તેમાં પણ બને ત્યાં સુધી પસંદગી જાળવી. એટલે સાવ નકામું હોય એવું તો બહુ ઓછું. કેટલોક કચરો કચરાના નમૂના તરીકે રાખેલો ખરો.

બધાં પુસ્તકોનું વિષય પ્રમાણે અને લૉજિક પ્રમાણે જાડું વિભાગીકરણ કર્યું હતું. કેસેટોમાં સંગીતકારો પ્રમાણે, ગાયકો પ્રમાણે. ફિલ્મોમાં પણ એક સંગીતકારની ફિલ્મોની કેસેટ-રેકોર્ડ એક સાથે હોય એવી પદ્ધતિ રાખી. એટલે મોટો જથ્થો થયા પછી પણ, જોઈતી વસ્તુ મોટે ભાગે મળી રહે. વસ્તુ સાચવવી તે એક વાત છે અને જોઈએ ત્યારે મળે તે બીજી. તેના માટેની મુખ્ય ચાવી એ જ હોય છે કે તેને મૂળ જગ્યાએ પાછી મૂકવામાં આળસ ન કરવી. થોડી તસ્દી લઈને તેને જ્યાંથી લીધી ત્યાં જ મુકીએ તો, બીજી વાર તે તેની જગ્યાએથી જ નીકળે. તેમાં કશું સંશોધન નથી. બધા જાણે જ છે. સવાલ આળસને કામચલાઉ ધોરણે કોરાણે મુકવાનો હોય છે.

વધુ પુસ્તકો થયા પછી, કબાટનાં ખાનાં પ્રમાણે પુસ્તકોની સૂચિ કરવાની રીત વધારે વૈજ્ઞાનિક હોય છે. તેના થકી, કમ્પ્યુટરની યાદીમાં પુસ્તકનું નામ જોઈને, એ પુસ્તક કયા કબાટના કયા ખાનામાં હશે, તે શોધી શકાય. પણ હું પહેલેથી 'ઑર્ગેનિક' રીતમાં ગયો. એટલે ચોક્કસ પ્રકાર, લેખકો અને તર્ક પ્રમાણે પુસ્તકો ગોઠવાતાં ગયાં. ત્યાર પછી વૈજ્ઞાનિક રીત અપનાવવાનું ન થયું. થોડાં વર્ષ પહેલાં એક વાર રતિલાલ બોરીસાગરના ઘરે ગયો, ત્યારે તેમણે કબાટોમાં ગોઠવેલાં પુસ્તક દેખાયાં. બધાં પુસ્તક પર તેમણે ખાખી પૂઠાં ચડાવ્યાં હતાં અને પુસ્તકની પીઠ પર નામ લખેલાં હતાં. ગોઠવણની રીતે એ બહુ વ્યવસ્થિત લાગતું હતું. છતાં, મેં બોરીસાગરસાહેબ સાથે શિષ્યભાવે એવો ધોખો કર્યો હતો કે પુસ્તકનાં ટાઇટલ ઢાંકીને તેમને વ્યવસ્થિત રાખવાનો શો અર્થ? પુસ્તકના દેખાવનો પણ એક અહેસાસ હોય છે. ઘણી વાર કોઈ પુસ્તક કે કોઈ ચીજવસ્તુ શોધવાની થાય ત્યારે સૌથી પહેલાં મનમાં તેનો દેખાવ આવે છે—ઘણી વાર તો તેની સંભવિત જગ્યા સહિત.

ક્યારેક એવું પણ થાય કે પુસ્તક કે કટિંગ મનમાં દેખાતું હોય, પણ બહાર મળે નહીં. તે વખતે બહુ અકળામણ થાય. જૂનું ઘર ઉતાર્યું અને એ જ જગ્યાએ નવું ઘર થયું, તેની હેરફેરમાં કેટલીક ચીજો ગઈ તે ગઈ. પ્લાસ્ટિકની પારદર્શક સફેદ કોથળીમાં પૅક કરેલું માચિસની જૂની છાપોનું બંડલ, નાનપણમાં જેનાથી રમતા હતા તે ફિલ્મના ફોટા, નાની પટ્ટીઓ, છેક માથા સુધી લખોટીઓથી ભરેલો 'નાયસિલ'નો વાદળી રંગનો ભૂરા ઢાંકણાવાળો ઊભો ડબ્બો, તેની અંદર રહેલી રંગબેરંગી લખોટીઓ, જેને અમે 'કંચા' કહેતા હતાપ આ બધું મનમાં દેખાય છે, પણ ઘરમાં મોજૂદ નથી.

કૌટુંબિક પરંપરા સાચવણીની હતી. બીરેને અને મેં તેમાં દસ્તાવેજીકરણનું પડ ઉમેર્યું. તે પ્રક્રિયા પ્રકૃતિ બની હોવાથી હજુ ચાલુ જ છે અને ચાલુ રહેશે. આ કામમાં રોમેન્ટિક કશું નથી. તે વૃત્તિ ઉપરાંત મહેનત અને સમય માગે છે. તે કરવામાં કે ન કરવામાં કશી ધાડ મારવાની નથી. એટલે કે, કરનારા કશી કમાલ નથી કરતાં અને ન કરનાર કશો ગુનો નથી કરતાં. એવી જ રીતે, આ કરનારા બધા નવરા નથી થઈ જતા અને ન કરનાર ક્રિએટીવ નથી થઈ જતા. આ કામ કરવામાં રસ, પ્રાથમિકતા, કરનારના મનમાં વસેલી તેની મહત્તા, પરિપ્રેક્ષ્ય, ચોક્કસ દ્રષ્ટિ, તેનો યોગ્ય ઉપયોગ...આ બધાં પરિબળો બહુ અગત્યનાં છે. તે સિવાયનો નકરો સંગ્રહ બીજા કોઈ પણ સંગ્રહ જેવો, અહમ્ પુષ્ટ કરનારો પણ સરવાળે નિરર્થક ઢગલો બની રહે. પરંતુ આગળ જણાવેલી રીતે સંગ્રહ કર્યો હોય તો તેમાંથી આનંદ મેળવવા માટે કોઈનાં વખાણની કે કોઈની પીઠથાબડની જરૂર નથી પડતી. પુસ્તકોના આંકડા કે ફિલ્મોની સંખ્યા કે કેસેટ-સીડી-ડીવીડીનો જથ્થો ફેંકવાની પણ જરૂર નથી પડતી. તે ચીજો પોતે જ આનંદ અને રોમાંચ આપવા સક્ષમ છે.

સંદેશાવ્યવહારનાં અને કામકાજનાં માધ્યમો ડિજિટલ થયા પછી પુસ્તકો સિવાય બીજી ચીજો ઉમેરાવાનું પ્રમાણ ઘટ્યું છે. દસ્તાવેજીકરણ ડિજિટલ સ્વરૂપે ચાલુ જ છે, પણ હાથથી સ્પર્શી શકાય એવી ચીજોનો અહેસાસ જુદો હોય છે. આ લેખ હાથેથી લખ્યો હોત તો તેના એકાદ-બે ડ્રાફ્ટ થયા હોત અને કાગળ પર પડેલા હસ્તાક્ષરની પણ એક મઝા હોત. વીસ વર્ષ પછી તે જોવાનો રોમાંચ હોત. હસ્તાક્ષરની મઝા ચાલુ રહે તે માટે ક્યારેક ડાયરી લખું છું, જેથી ક્યારેક વીસ વર્ષ પહેલાંની ડાયરી જોતાં નીપજે છે, એવો રોમાંચ ભવિષ્યમાં પણ મળી શકે.

**ઉર્વીશ કોઠારી**

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ: આયોજક : પ્રદીપ રાવલ(ગુરુપૂર્ણિમા ની રચનાઓ)

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૧૭ રચનાઓ
વિષય : ગુરુપૂર્ણિમા " વિષયક રચનાઓ. (૨૬-૭-૨૦૨૧)

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

## NOG SS No : 0038

પ્રકાર : ગદ્ય
શિર્ષક : ગુરુ પૂર્ણિમા
કબીર કહે....

ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય બલિહારી ગુરુ આપની જીને ગોવિંદ દિયો બતાય.....

પહેલા ગુરુ માબાપ જેમને આપણને આંગળી પકડી ચાલતા શીખવ્યું અને જીવનના પાઠ શીખવ્યા... સાચા ખોટાનો ફરક સમજાવ્યો ને જીવનરૂપી નૈયામાં સવાર થઈને એ ગુરુને મિલાવ્યા જેમણે જીવનના હરએક ક્ષેત્રમાં આગળ વધતા શીખવ્યું...ગુરુ તમને સર્જનહારની નજીક લઈ જવા માટેનો પુલ છે સાચા ગુરુઆત્માનું ઓળખાણ કરાવી પરમતત્વ ની મહત્તા શીખવે છે....??

જીવન માં જેણે જેણે મને કઈક શીખવ્યું એવા મારા તમામ ગુરુઓ ને નમસ્કાર??

ગુરુ મેરી પૂજા ગુરુ ગોવિંદ
ગુરુ મેરા પરબ્રહ્મ
ગુરુ ભગવંત....શીલા પટેલ દ્વારા)

---

## NOG SS No : 0092

પ્રકારઃ-પધ
શીર્ષકઃ- ગરવા ગુરુઓ

ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે
ગુરુની ગરિમા શું ગાઉ??
આ જિંદગી એમની જ દેણ છે.
જીવનનો સાચો ઉદ્દેશ્ય બતાવ્યો,
જે મંઝીલ મેળવી એ એમની દેણ છે.
આમ તો અહી જડ-ચેતન શીખવે છે,
કહ્યે-વણકહ્યે જ્ઞાન આપે છે.
આભારી છું હું અખિલ બ્રહ્માંડમાં વ્યાપેલ તમામ શક્તિઓને,
મારું અસ્તિત્વ એમની જ દેણ છે.
પહેલી ગુરુ મારી 'મા',
જેણે સંસ્કારોનું સિંચન કર્યું.
પૂછાવું છું હું આજ આ દુનિયામાં,
આ નામના એની જ દેણ છે.
બીજા ગુરુ મારા પિતા,
જેમણે દુનિયાદારી ના પાઠ શીખવાડયાં.
દુનિયાના વ્યવહારોને સમજીને ટકી રહેવાની મારી આ તાકાત,
એમની જ દેણ છે.
ત્રીજા ગુરુ મારા શિક્ષકો,
અભ્યાસની જેમણે
લગની લગાવી.
ડિગ્રીઓ અને ઉપલબ્ધીઓ,
આજીવિકાની તકો,
એમની જ દેણ છે.
ચોથા ગુરુ મારા ધર્મગુરુ,
સનાતન ધર્મના રહસ્યો બતાવ્યા.
ભક્તિમાર્ગને જેણે સુગમ કરી આપ્યો,
મુશ્કેલીઓ સામે ઝઝૂમવાની તાકાત અને પ્રભુમાં શ્રદ્ધા,
એમની જ દેણ છે.
પાંચમા ગુરુ, સંચાલકશ્રી,આપ સહું સભ્યો અને નિર્ણાયક ગણ,
જેણે ભાવનાને અભિવ્યક્તિનું સાચું રૂપ આપ્યું.
મારી આ કવિતાઓ,
પ્રસંગને અનુરૂપ પ્રસ્તુતિ,
આપ સહુંની જ દેણ છે.

અલકા મહેતા.ગાંધીનગર..

---

## NOG SS NO - 0037

વિષય - ગુરુ પૂર્ણિમા પર્વ નિમિત્તે રચના.
વિભાગ - પધ.
શીર્ષક - ગુરુ મારી પૂજા.

પ્રથમ ગુરુ વિશ્વના માત તાતને વંદન..!
દ્વિતિય ગુરુ જન્મ દાતાને વંદન ....!
ગુરુ જ્ઞાનનો મહાસાગર....!
ગુરુ જ્ઞાનનો તેજપુંજ.....!
ગુરુ પ્રેરણા સ્રોત.....!
ગુરુ પથ દર્શક મારા ....!
ગુરુ જ્ઞાન ચક્ષુ મુજ....!
વિધારૂપી જ્ઞાન આપી....!
મુજ જીવનમાં પ્રકાશ પાડ્યો....!
જીવનની ઘટ માળામાં...!
જેમની પાસેથી મને....!
કંઇક જાણવા,જોવા,શીખવા મળ્યું...!
એ નાનાં મોટાં સૌ કોઈના ચરણોમાં...!
મારા કોટી કોટી વંદન...!

હેમલતા દિવેચા. ( હેમ )

---

## NOG SS No : 0001

પ્રકાર : ગદ્ય
શિર્ષક : ગુરુ પૂર્ણિમા
ગુરુ પુનમ પહેલા ગુરુની સમજણ
ગુરુ શું છે

૧) ગુરુ એ દરેક સવાલનો જવાબ છે
૨) ગુરુ એ દરેક મુશ્કેલીની યુક્તિ છે
૩) ગુરુ એ જ્ઞાનનો ભંડાર છે
૪) ગુરુ માર્ગદર્શક છે
૫) ગુરુ એ અનુભૂતિ છે
૬) ગુરુ એ પ્રેમ છે
૭) ગુરુ જ્ઞાનની વાણી છે
૮) ગુરુ એ આપણા જીવનનો ચમત્કાર છે
૯) ગુરુ એક મિત્ર છે
૧૦) ગુરુ ભગવાન સ્વરૂપ છે
૧૧) ગુરુ એ આધ્યાત્મિકતાની વ્યાખ્યા છે

ધન્ય છે તે લોકો જે ગુરુ સાથે સંપર્કમાં છે અને તેમની સાનિધ્યમાં જીવનનું થોડું જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી.
ગુરુ શબ્દ અને ગુરુનું જીવન સમુદ્રની ઉંડાઈ જેટલુ છે જેનું વર્ણન કરી શકાતું નથી.

આખી ધરતીને કાગળ કરૂ
બધી વનરાઈ ની લેખની સાત સુમંદર ની શાહી કરૂ ગુરુ તણા ગુણા ન લખી શકાય.

ગુરુ નું મહત્વ
કર્તા કરે ન કર શકે, ગુરુ કરે સબ હોય
સાત દ્વિપ નો ખંડ મે ગુરુ સે બડા ન કોઈ.
ગુરુનો હાથ પકડવા ને બદલે તમારો હાથ ગુરુને પકડાવો
કારણ કે આપણે આકસ્મિક રીતે ગુરુનો હાથ છોડી શકીએ છીએ, પરંતુ ........
ગુરુ જેનો હાથ પકડે તે કદી છોડતા નથી
ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વરા.
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવૈ નમઃ
ગુરુ વિના જ્ઞાન અધૂરું છે, ગુરુ આપણને સાચો રસ્તો બતાવે છે.
તેથી આપણે ગુરુની દરેક આજ્ઞા નું પાલન કરવું જોઈએ.
ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણએ પણ ગુરુ પાસે શિક્ષણ મેળવવું હતું.
આપણા ગ્રંથોમાં ગુરુભક્તિના ઘણા ઉદાહરણો છે. ગુરુ જ માર્ગદર્શક છે.
આત્મા માટે તમારે જાતે પ્રયત્ન કરવો પડશે.
ગુરુએ રસ્તો બતાવ્યો છે,
તમારે ચાલવું પડશે.
ગુરુએ ઉપદેશ આપ્યો છે,
અનુસરવું તમારે પડશે.
મુક્તિ ગુરુની વાહ વાહ દ્વારા પ્રાપ્ત થતી નથી.
ગુરુ વચન પ્રમાણે ચાલવાથી મોક્ષ મળે છે★
ગુરુદ્વાર પર જ્યારે જવું હોયતો હૃદય શુદ્ધ કરી ને જવુ....
જ્યારે ગુરુની વાત સાંભળવી, તમારા કાન ખુલ્લા રાખોપ
યારે ગુરુમાં વિશ્વાસ કરવો, હોય તો તમારી આંખો બંધ રાખોપ
જ્યારે ગુરુને અર્પણ થવુ હોય તો તમારું હૃદય ખુલ્લુ રાખો પપ
જ્યારે ગુરુનો સત્સંગ સાંભળવો હોય તો મોં બંધ રાખો ...
ગુરુની સેવા ક્યારે કરવી હોય તો ઘડિયાળ બંધ રાખો.....
જ્યારે ગુરુ પાસે વિનંતી કરવી હોયતો દિલ ખોલી દેવુ... !!!
આ ગુરુનો દ્વાર છે
તે અહી મનમાની નથી થતી, એ પણ વાત પાક્કી છે અંહિ કોઈ પરેશાની નથી હોતી

પ્રદીપ રાવલ.સંચાલક

---

## NOG SS NO : 0026

મારા ગુરુજી ( મૌલિક રચના)

ગુરુ પૂર્ણિમા નિમિત્તે મારા ભાવ પુષ્પો.
ગુરુ મારા જગતના નાથથી લાગે સવાયા જો.
સદા આશા અને ઈચ્છા ગુરુ ઘાટે ઘડાયા જો.
નજરમાં ભાવ એ ભળતાં,
દયા, કરુણા જગાવે જે,
હું ભાળું એ મને મારા ગુરુજીએ ભળાવ્યા જો.
નમાવી શિશને રહેતા, જગતમાં એ પ્રભુ પ્યારા
શબદ સૌ બ્રહ્મના સાચા ગુરુ મુખે ગવાયા જો.
ગુરુનો અર્થ હું કરતી,
ગુરુ સાક્ષાત્ પર્ બ્રહ્મા
ધરા પર કે ગગનમાં આજ ગુણ ગુરુના છવાયા જો.

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

## NOG SS No : 0077

વિભાગઃગદ્ય/લેખ
શબ્દ સંખ્યાઃ૩૫૦
શીર્ષકઃગુરુ નહી માર્ગદર્શક

ગુરુ નહી માર્ગદર્શક,
ગુરુ નહી પથદર્શક.
ગુરુ એટલે મોટું.
મોટપનો ભાવ ક્યારેય ગુરુનો મહિમાગાન ના કરી શકે.એટલે ગુરુ શબ્દ મને ક્યારેક કઠે.
એને બદલે મને માર્ગદર્શક શબ્દ બોલવો ઉચિત લાગે.
ગુરુ શબ્દ ક્યારેક ગુરુર વડે અને અહંતાભાવથી બોલાતો શબ્દ લાગે છે.ગુરુ તો હંમેશાં હલ્કા ફૂલ્કા હોય,
એમના સાંનિધ્યમાં તદ્દન હળવાશનો અનુભવ થવો જોઈએ, પંખીના મુલાયમ પીછા જેવી સહજતા સાથે ઉડાન ભરાવી શકવાની ક્ષમતા હોય તો જ ગુરુ બનાય.બાકી હાલનાં સમયમાં તો ઘણાંય ગુરુઓ વિતંડાવાદ,પોતાની અહેમીયત પ્રસ્થાપન અને મહિમાગાન ગવડાવીને પોતેજ ઈશ્વર છે એવી ભ્રાંતિમાં ભક્તોને રાખે છે, પોતાના અહંમને પાળી પોષીને મોટો કરે છે.ગુરુતો અહોભાવ,કૃતઘ્નતાથી પર હોય,હુંપણું ,કર્તાપણું એમને સ્પર્શતું પણ ના હોવું જોઈએ.
પહેલાંના સમયમાં એકજ ગુરુ ઘણાં બધા વિષયોમાં પારંગત હોતાં, હાલમાં એમાંય ટાંટીયાખેંચ ચાલતી હોય છે.
હવે તો આંગળીના ટેરવે ગુગલગુરુ બધુંજ સહજ ઉપલબ્ધ કરાવે છે.
વંદે ગુગલ ગુરુ નમો નમઃ ! એને લીધે ઘણીવાર ગુરુ કરતાં શિષ્યો પાવરધા હોય છે.
અણુબૉંબ કરતા પરમાણું બોમ્બ વધુ પરિણામકારક છે.ગુરુકૃપા સ્થૂળ કરતાં સૂક્ષ્મ વધુ કાર્યદક્ષ છે.
ઘણીવખત તો આપણી અજ્ઞાનતાની તલપ અને ઉણપ ચીસનું સ્વરુપ ધારણ કરેને ત્યારે ઈશ્વર ખુદ ગુરુસ્વરુપે આપણી સમક્ષ ઉપસ્થિત થતાં હોય છે ,પછીએ અનુભવરુપે હોય,ઘટનારુપે હોય કે પદાર્થ પાઠરુપે હોઈ શકે છે.
જરૂર છે તો ફક્ત એને સુક્ષ્મરૂપે ઓળખવાની..! ક્યાં રુપે આવીને એ તમારું માર્ગદર્શન કરી ગયોને એ વાત સમજાયને તો પછી બેડોપાર..! ભવસાગર તરતાં વાર નહી લાગે.
એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ કોરોના જેવી મહામારી છે. આખી દુનિયાનાં ચમરબંધ લોકોને એક તુચ્છ વાયરસે એવાં જબરજસ્ત પદાર્થ પાઠ ભણાવ્યાં કે ભલભલાં લોકો,દેશો એની ઝપેટમાં આવી ગયાં છે.હજુય નવાં વેરિયન્ટ આવતાં જ જાય છે.સહેજ ગાડી પાટા પર ચઢે કે તરતજ કોઈ નવા સ્વરુપે ઉપસ્થિત થાય છે.
છેલ્લા બે વર્ષથી તો સાચો ગુરુ કોરોના પૂરવાર થયો છે.એણે કેટલાંય સૈકાઓથી વણકહી,વણબોલેલી વાતો જે મોટા ગુરુઓ,મોટીવેશનલ સ્પીકરો, અને સારાં પુસ્તકો ના શીખવાડી શક્યાં શીખવી.
મોક્ષ,જન્મ-મરણનાં ફેરા એ બધું તો ઠીક છે પણ જ્યાં જીવીએ છીએ એ પૃથ્વી, પ્રકૃતિની કદર અને મુખ્ય તો તમારી ખુદની શારીરીક-માનસિક સ્વસ્થ્યતા અને સ્વચ્છતાનું ભાન કરાવ્યું છે.આ મૂળભૂત પ્રક્રિયાને આપણે સમજીશું નહી ,એમાં નિપૂણતા હાસિંલ નહીં કરીએ ત્યાંસુધી કોરોના જવાનું નામ નથી લેવાનો.
એની ગુરુદક્ષિણા એજ નિર્ધારિત સમયમાં જાહેર કરી પછીજ પ્રસ્થાન કરશે..!
ૐ કોરોનાય નમો નમઃ..!
જે કોઈથી ના શીખ્યા એ કોરોના ગુરુએ શીખવી દીધું..!

ઋતંભરા વિશ્વજીત ઋત્વિશ્વ

---

## NOG SS. NO. 0095.

ગુરુ એટલે સાચો માર્ગદર્શક
ગુરુ એ જ્ઞાનનાં ચંદ્રમા છે . ' ગુ ' એટલે અંધકાર અને ' રુ ' એટલે નાશ કરનાર . જીવનના અંધકારને દૂર કરીને માનવ મૂલ્યોની માવજતની કેડી તરફ લઈ જાય તે ગુરુ .

ગુરુ બ્રહ્મા, વિષ્ણુ , અને મહેશનું કામ કરે છે . ગુરુ એ શાશ્વત ખીલેલું ફૂલ છે એ કરમાતું નથી . તેની સુગંધ શાશ્વત છે .આપણાં દેશની સૌથી મોટી જો કોઈ ભેટ હોય તો એ ગુરુ શિષ્ય પરંપરા છે માતા પિતા મોટા કરે પણ ગુરુ જીવનને સાચો રસ્તો આપે .ગુરુનાં દર્શન કરુણા પ્રકટાવે .ગુરુ અને ઈશ્વરમાં એકતા છે .ગુરુ એ મોક્ષનું પ્રવેશદ્વાર છે .ગુરુ એટલે સત્ ચિત્ અને આનંદનું સ્વરૂપ .જે શાંતિ પમાડે એ જ સાચા ગુરુ .

આજના પવિત્ર દિવસે બાળપણથી જ સંસ્કાર ના પાઠ શીખવનાર માતા પિતાને ગુરુ ગણીને વંદન કરીએ. જ્ઞાનની ગંગા વહાવીને શિષ્યોને પાવન કરનાર ગુરુજીઓને વંદન કરીએ. આપણા જીવનમાં આપણને માર્ગદર્શન આપનાર સર્વે વ્યક્તિઓને ગુરુ સમાન ગણીને તેમને વંદન કરીએ.

દીપિકા ચાવડા " તાપસી ".

## NOG SS No : 0042

શીર્ષક - ગુરુજનો

આપણી ભારતીય સંસ્કૃતિમાં આદિકાળથી ગુરુઓનો મહિમા વર્ણવામાં આવ્યો છે. રાજા-મહારાજા,ભગવાન, બધાંના જીવનમાં ગુરુનું અગ્રીમ સ્થાન હતું. તો, આપણે પામર મનુષ્ય ગુરુને કેમ ભૂલી જઈએ!

ગુરુ એટલે જ્ઞાનનો દીવડો જે તમને અજ્ઞાનનાં અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાય. ગુરુ એટલે પથદર્શક જે તમને આત્મશુદ્ધિનો માર્ગ બતાવી તમારું જીવન આત્મવિશ્વાસથી સમૃદ્ધ બનાવી જીવનમાં જ્ઞાનની જ્યોત જગાવી દે.

ગુરુ એટલે પાટી-પેન કે નોટ-પેન લઈ ભણાવે એ નહીં. જીવનમાં નાની-મોટી વાત શીખવનાર દરેક વ્યક્તિને આપણે ગુરુ માની શકીએ. તો સૌ પ્રથમ આપણાં માતા-પિતા એ આપણાં પ્રથમ ગુરુ કહેવાય જેણે આપણામાં સંસ્કારોનું સિંચન કરી સમાજમાં પ્રસ્થાપિત કર્યા. શીખવાની દ્રષ્ટિ હોય તો દરેક વ્યક્તિ પાસે કંઈકને કંઈક શીખી શકાય. નાના બાળક પાસેથી નિર્દોષતા, પ્રકૃતિ પાસેથી મૌન, જીવજંતુ પાસેથી ઓછી જિંદગીમાં પણ ટકી રહેવાનું બળ, અરે કામવાળા બહેન પાસેથી પણ મહેનત કરી સ્વમાનથી કેમ જીવવું એ શીખી શકાય. આપણાં બાળકો પાસેથી પણ આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં તાલ મેળવતા શીખી શકાય. સખી-સહેલી પણ જીવન જીવવાના પાઠ શીખવી શકે ને? હું આવું વિચારું છું? અને તમે?
"હેપ્પી ગુરુપૂર્ણિમા" મને જાણે-અજાણ્યે શીખવનાર દરેક વ્યક્તિને આજના દિવસે નમન.

પૂજા(અલકા)કાનાણી

---

## NOG SS NO: 004

વહાલા રાધાબહેન...ગુરુ પૂર્ણિમાએ કોટી કોટી વંદન??

ઉત્તર ગુજરાતનાં ચાણસ્મા ગામે ધોરણ પહેલામાં પ્રવેશ લીધો ત્યારે છ વરસની ઉમ્મર હતી.દાવપેચ કે કંકાસ ઝઘડાને કોઈ સ્થાન નહોતું.આવા સમયે શાળાના પ્રથમ દિવસે જ એક ગોરા,સરસ ઉંચાને લાંબા કાળા નાગણ જેવા વાળ ધરાવતા,આંખોમાં તેજ અને ગુલાબી કમળની પાંદડી જેવા હોઠ ધરાવતા રાધાબહેન વર્ગમાં પ્રવેશ્યા.બાળક બુદ્ધિ તેથી જોઈ હેત ઉભરાય આવ્યું .પગે લાગી તો કહે ,"છોરી ચ્યાંથી આવીશે ભણવા...? “ પહેલા તો ભાષા જ ન સમજાય,કારણ શુદ્ધ ગુજરાતી બોલતા પરિવારની કેળવણી હતી.મોસાળ ને પિતાના ધરે ગુજરાતી સ્પષ્ટ પણે બોલતું .

થોડી પળો પછી મે જવાબ આપ્યો,"એક તો છોરી નહિ,દીકરી કે બેટા કહો નહિતો છોકરી તો વાત કરીશ."ગુસ્સે થઈ ગયાં ને ખસેડવા ગયાં તો સમતોલન ગયું ને દાદર પરથી સીધી નીચે...કપાળની ડાબી બાજુ મોટો ઘા પડી ગયો.પાટણ જઈ ટાંકા લેવા પડ્યા પણ સફેદને ભૂરી પટ્ટીની પહેરેલી સાડી પર લાલ લોહીનાં ડાઘા એ રાધાબહેન ને કારમો ઘા આપ્યો. તેઓ થોડો સમય ઘરે ભણાવા આવ્યા ને સાચું કહુ તો ઉત્તર ગુજરાતની મીઠી ચમશોની ભાષા શહેરની સભ્યતાની ભાષા બોલતા થઈ ગયાં.ગુરુને શિષ્યાએ તે ઉમ્મરે શુદ્ધ ભાષા શીખવી.તેઓની સફેદ સાડી પર મારા લોહીનાં ડાઘા ઋણાનું બંધન કાયમ માટે જોડાઈ ગયું..
ગુરુ શિષ્યા મા દીકરી બની ગયાં.જ્યારે જ્યારે ગુરુપૂર્ણિમા આવે ત્યારે નાનો પોસ્ટકાર્ડ પપ્પા પાસે સુંદર ચિત્ર દોરાવી તેમને લખતી ને તેમનો જવાબ આવે ત્યારે ખૂબ ખૂબ ખુશ થતી.

ફક્ત વરસ જ ભણી પછી બીજા ધોરણમાં તો ભરૂચ ચાલી ગઈ.કપાળ પરનો ડાઘ આજે પણ રાધાબહેનની યાદ જરૂર આપે ને શાળાનાં પહેલાં દિવસની. ત્યારબાદ હું ચ્યમશો ,હારૂ શે બોલતી તો દાદીમાની એક ફૂટપટ્ટી હાથ પર પડતી ને બીજો હાથ કપાળ પરના ડાઘને સ્પર્શતો.મન મલકાતું કે બહેનની યાદમાં બોલાયેલા શબ્દોમાં મીઠું દર્દ તો જરૂર હતું .
આવા મારા પહેલા શિક્ષિકાને કોટી કોટી પ્રણામ આજની ગુરુ પૂર્ણિમા દિને.

જયશ્રી.પટેલ

---

## NOG SS NO : 0079

પ્રવિણા કડકિઆ.હ્યુસ્ટન

" ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ, ગુરુદેવો મહેશ્વરાય,,
ગુરુસાક્ષાત પરબ્રહ્મ,
તસ્મૈ શ્રી ગુરવે નમઃ "

ગુરુ પૂર્ણિમા ની સૌ ને હાર્દિક શુભકામનાઓ..
ગુરુનું સ્થાન જીવનમાં ખૂબ ઉંચુ છે. અષાઢી પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા તરિકે ઉજવવામાં આવે છે. ગુરુ અને ગોવિંદ જો બન્ને બાજુમાં ઉભા હોય તો સહુ પ્રથમ ગુરુને પ્રણામ કરવાની પ્રણાલિકા આપણા શાસ્ત્રમાં જણાવે છે.
શાસ્ત્રમાં માનો કે ન માનો એ આપની મરજી. એક વાત તો કબૂલ કરવી પડશે ગોવિંદને મળવાનો રાહ ગુરુ બતાવે છે. કોઈ પણ વિદ્યા આપણે શિખીએ તે શિખવાડનાર વ્યક્તિ ગુરુનું સ્થાન પ્રાપ્ત કરે છે. જીવનમાં સાચા ગુરુની પ્રાપ્તિ ખૂબ કઠિન છે. ૨૧મી સદીમાં ગુરુને નામે ઠગવાનો ધંધો ફુલ્યો ફાલ્યો છે. યાદ રહે કોઈની ચુંગલમાં ન ફસાવ તેને માટે આંખ અને કાન ખુલ્લા રાખવા આવશ્યક છે. સાચા ગુરુની શોધ માટે અંતરમાં ઉત્કટ ઈચ્છા હોવી અગત્યની છે. બાકી આજકાલના ગુરુઓ ,કાંઇ કહેવું આવશ્યક નથી સમજતી.
એક વખત અમે બધા કુટુંબીઓ બેઠા હતા. અચાનક અંધ શ્રદ્ધા ધરાવતી વ્યક્તિ બોલી ઉઠી, " શું ગુરુની સેવા તન, મન અને ધનથી કરવાનીહ્ન? સાંભળનારા બધા અચંબામાં પડી ગયા. આ શું બોલે છે ? એક શાણી અને સમજદાર મહિલાએ તેને માર્ગ દર્શન આપ્યું. ધન અને મનથી કરવાની, તનથી કદાપિ નહી.
ચાલો ગુરુ પૂર્ણિમાનો મહિમા જાણિએ. ગુરુ કયારે પણ શિષ્ય શું આપશે તેને લક્ષમાં રાખી શિક્ષા આપતા નથી . તેમને તો યોગ્ય શિષ્ય મળે અને સાચું જ્ઞાન પ્રાપ્ત કરી સંસારમાં વિદ્યા અને સાચું જ્ઞાન ફેલાવે તેની ઈચ્છા હોય છે. બદલામાં શિક્ષા પ્રાપ્ત કર્યા પછી ગુરુને દક્ષિણા આપવાનો રિવાજ છે. યાદ હશે એકલવ્યએ ગુરુ દ્રોણને પોતાનો અંગુઠો માગ્યો તે જરા પણ અચકાયા વગર આપ્યો હતો. આમાં ગુરુ દ્રોણે અપરાધ કર્યો હતો એ સહુ જાણે છે. એમનો શિષ્ય અર્જુન બાણાવળી કહેવાય એ તેમનો સ્વાર્થ હતો. શિષ્યએ પોતાનો ગૌરવ જાળવ્યો. એકલવ્ય જેને લીધે અમર સ્થાન પામ્યો.
આજના દિવસે જીવનમાં પ્રાપ્ત થયેલા સહુ ગુરુના ચરણોમાં દંડવત પ્રણામ..

---

## NOG SS No : 0039

ગુરુપૂર્ણિમા
અછાંદસ
ગુરુ
અછાંદસ
પ્રફુલ્લા "પ્રસન્ના"

સૂરજ ગુરુ, ચંદ્ર ગુરુ, ગુરુ નક્ષત્રો ને તારા,
ધરા ગુરુ, આકાશ ગુરુ, ગુરુ વૃક્ષ, સમુદ્ર ને નદીનાળા,
કુવા અને વાવ પણ ગુરુ, ગુરુ જળ વિનાનું રણ!
નિગોદના દરેક જીવ અને ગુરુ અહીંનું દરેક જણ!
અગ્નિ, જળ ને વાયુ ગુરુ, ગુરુ જ્ઞાનની ખાણ!
માનવ જન્મ ધરીને પામું ગુરુ થકી નિર્વાણ!
ઈશ્ જેવો નહિ બીજો કોઈ ગુરુ, પરમપિતાને પૂજું,
શીશ નમાવી પામું આશીર્વાદ, પાઠ જીવતરનાં સમજું,
માત પિતા મારાં આજન્મ ગુરુ, હું અજ્ઞાની અજાણ!
હોય શિક્ષક મારાં જીવનમાં ના રહું હું અભણ!
સૂરજ ગુરુ, ચંદ્ર ગુરુ, ગુરુ નક્ષત્રો ને તારા,
ધરા ગુરુ, આકાશ ગુરુ, ગુરુ વૃક્ષ, સમુદ્ર ને નદીનાળા,
કુવા અને વાવ પણ ગુરુ, ગુરુ જળ વિનાનું રણ!
નિગોદના દરેક જીવ અને ગુરુ અહીંનું દરેક જણ!
અગ્નિ, જળ ને વાયુ ગુરુ, ગુરુ જ્ઞાનની ખાણ!
માનવ જન્મ ધરીને પામું ગુરુ થકી નિર્વાણ!
ઈશ્ જેવો નહિ બીજો કોઈ ગુરુ, પરમપિતાને પૂજું,
શીશ નમાવી પામું આશીર્વાદ, પાઠ જીવતરનાં સમજું,
માત પિતા મારાં આજન્મ ગુરુ, હું અભણ, અજાણ
હોય શિક્ષક મારાં જીવનમાં ના રહું હું અજ્ઞાન!

---

## NOG SS NO-0050

શીર્ષક : ગુરુ

જીવનનાં રસ્તા પર કેવી રીતે ચાલવું ?
એતો ગુરુ વગર કોન શીખવે
સરળ માગે...!
એક પથ્થર હતી હું ..!
શિલ્પી તમે બનાવી
ઘડીઘડીને મઠારી મને..!
ભણતર ને ઘડતર
શીખવ્યું પુરી લગનથી..!
સ્કુલ ને કોલેજમાં આપ્યું જ્ઞાન...!
જીવનનાં રસ્તે કેવી રીતે ચાલવું...?
પડી ને કેવી રીતે ઉઠવું...!
દરેક કામયાબી પાર કરી ખુશી
વ્યકત કરી ..!
કયારેક થાઉ નિષ્ફળ તો પ્રેરણા નો સ્રોત સ્તંભ
બની આવો આગળ..!
કલા શીખવી નીત નવી
કલાકાર બનાવી...!જીવનજીવતા શીખવાડ્યું...!
ટકોર કરીને ઘડતર આપ્યું...!
સારા ને નરસા પાઠ શીખવ્યાં..!
જીવનમાં કામયાબ થતાં મારા
સપનાં સાકાર થતાં...!
કોઈની શીખવશું આંગળી પકડીને,
તો આગળ વધી જાશે એવો ભાવ કદી નથી રાખ્યો...!
અમારા કરતાં આગળ વધ એજ આશીષ એમની...!
આભાર માનું..!
"મારા પપ્પાનો "
કે "ગુરુ "બની ડગલેને પગલે...!
મારા જીવનને સરળ બનાવવા મદદ કરી...!
કે ગુરુની પદવી આપું ..!
જયારથી પકડયો હાથ..!
ત્યારથી ઝળહળતી રહી...!
"ગુરુ પૂણિમાંએ" માંગુ શકિતજ્ઞાન તણી આશીષ..!
ને ભકિત અનેરી ..!
સૌની કરું સેવા સદાય...!

રાગીની શુકલ"રાગ.",(મુંબઈ ,કાંદિવલી.)

---

## NOG SS No : 0059

ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે
ગુરુદેવોને શત્ત શત્ત વંદન.????
જગતનાં પ્રથમ ગૂરુ એટલે વિશ્રવ
નિર્માતા 'ઈશ્રવર ' જેણે આ
સૃષ્ટી નું નિર્માણ કરી સમસ્ત
માનવજાતને ગુરપદ માટે યોગ્ય
બનાવી ગરુપદની પ્રસાદી માટે આપણને સૌને
વિવિઘ વિષયોમાં
પારગંત બનાવી ગરુપદ જીવંત રાખી આપણને
ગુરુજનોનું ઋણ
ચૂકવવાનો સોનેરી અવસર આપ્યો.
ગુરુદેવો નમઃ

જયકાંત ઘેલાણી.

---

## NOG SS No : 0060

ગુરુ પૂર્ણિમા પ્રસંગે કરેલી રચના
પ્રકાર : ગદ્ય (આર્ટીકલ)
ગુરુ

ગુરુ કોને કહેવાય? એ પ્રશ્નનો જવાબ છે.... અજ્ઞાન તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન શલાકાયા ચક્ષુઃ ઉન્મીલીતમ યેન તસ્મૈ શ્રી ગુરુવે નમઃ। જ્ઞાનની સળી વડે શિષ્યનો અજ્ઞાનરૂપી અંધકાર દુર કરે તે ગુરૂને નમસ્કાર હજો.....તેવો આ શ્લોક આપણે ભણ્યાં છીએ.
અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરૂ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ગુરુ-શિષ્ય પરંપરા સદીઓ જૂની પરંપરા છે. ગુરુ પૂર્ણિમા એટલે મહર્ષિ વેદ વ્યાસજીનો જન્મદિવસ. તેમણે વેદોનું ચાર ભાગમાં વિભાજન કરેલું માટે વેદ વ્યાસ કહેવાયાં. તેમણે મહાભારત જેવાં અદ્ભુત ગ્રંથની રચના કરી છે તે વાત સર્વ વિદિત છે. એમ કહેવાય છે કે એવું કાંઈ નથી જેનાં વિશે મહાભારતમાં ન લખાયું હોય! એનાં રચયિતા કેટલાં જ્ઞાની હશે તે વિચારવું જ રહ્યું!
ગુરુ પાસેથી જ્ઞાન મેળવવા માટે શિષ્યમાં સમર્પણ હોવું જરૂરી છે. સંપૂર્ણ લગન અને મહેનતથી કોઈ કામ કરવામાં આવે તો તે જરૂર સફળ થાય છે. ગુરુ દ્રોણ જ્યારે કુરુકુળનાં રાજકુમારોને શિક્ષા આપી રહ્યાં હતાં ત્યારે એક રાત્રે તેમને તીર ચાલી રહ્યાનો અવાજ સંભળાયો. તેઓએ જઈને જોયું તો જ્યારે બીજાં શિષ્યો મીઠી નિંદ્રા માણી રહ્યાં ત્યારે બાળક અર્જુન, રાતનાં અંધકારમાં તીર ચલાવવાનો અભ્યાસ કરી રહ્યો હતો. એ જોઈને તેમને અર્જુન માટે, પોતે કરી રહ્યાં છે તે મહેનત સાકાર થતી લાગી. આજીવન તેમની કૃપા અર્જુન પર વરસતી રહી અને દુનિયાને એક ઉચ્ચ કોટીનો બાણાવળી મળ્યો!
આમ, ગુરુનું જ્ઞાન અને શિષ્યની લગન અને મહેનત ભળે તો સિદ્ધિનાં સર્વોચ્ચ શિખરો સર કરી શકાય.

ભગવતી પંચમતીયા 'રોશનીહ્ન

---

## NOG SS No : 0044

ગુરુપૂર્ણિમાની શુભેચ્છા.

જન્મથી મૃત્યુ સુધીની સફરમાં નાના મોટાં સૌ કોઇ પાસે કંઈક ને કંઈક શીખીએ છીએ એટલે એ બધાં જ આપણાં ગુરુ, પરંતુ સૌથી પહેલાં આપણી જન્મદાત્રી આપણી મા છે.

આજે ગુરુપૂર્ણિમાને દિને મારાં માવતર, તેમજ ડગલેને પગલે મને માર્ગદર્શન આપનાર સૌને મારાં પ્રણામ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.


ર્ય સત્તાધીશોએ 76 સ્કૂલમાં આરઓ પ્લાન્ટનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો, તપાસમાં ગેરરીતિ પકડાઈ

સાણંદની 42 સ્કૂલમાં 2.5 લાખના ROને બદલે પીપડું મૂકી 1 કરોડનું કૌભાંડ કરાયું

1 MLAની રજૂઆતથી પ્લાન્ટ નાખવાની દરખાસ્ત મંજૂર થતાં ખાનગી મંડળીને કોન્ટ્રાક્ટ અપાયો હતો

ટેન્ડરિંગ પ્રક્રિયામાં 1 જ વ્યક્તિનાં 3 ટેન્ડર આવ્યા હોવાની ચર્ચા

આ સ્કૂલોમાં પ્લાન્ટ અને ટાંકી મૂકાઈ નથી

વિકાસ વિકાસ થવું જોઈએ તેનાં બદલે કૌભાંડ કૌભાડ, ભ્રષ્ટાચાર ભ્રષ્ટાચાર અવાજ ઉઠી રહ્યા છે.લોક મુખે ચર્ચાય છે કે હવે તો ભાજપને ઉઠાડી દઈએ તો લૂંટનાં બધા અવાજ બંધ થઈ જશે.જ્યા જુવો ત્યાં ધારાસભ્યો ના ટેકા થી,ભલામણો થી ભ્રષ્ટાચાર જ જોવા મળે .જુવો આ અખબારી યાદી ફરી સાણંદમાં કરોડનું કૌભાંડ સામે આવ્યું.

આશ્ચર્યની વાત તો એ છે કે, કેન્દ્રમાં બેઠેલાં આંધળા, બહેરા અને ગુંગા પહેલવાન નેતાઓ બહાર નીકળી બળાત્કાર, કૌભાંડ ભ્રષ્ટાચાર કે જનતાની નબળી પરિસ્થિતિ માટે એક શબ્દ બોલવાં આવતો નથી. લાલચની જાહેરાતો કરી છુપાય જાય છે.

જય હિંદ.


એકલ ઓન વ્હીલ કમ્પ્યુટર પરીક્ષણ લેબ નો શુભારંભ કરતા અધ્યક્ષ કૈલાશ નારાયણજી,ઉપાધ્યક્ષ જસ્મત પટેલ,સચિવ મુરલી મનોહર પલોડ,તેમજ ઉદય ખડેકર,સુબ્બારાવ રેડ્ડી, ચંદ્રશેખર એક્કા,નીતા બંસલ,વિષ્ણુ ગુપ્તા,આર.કે.જૈન, તરુણ મહેતા તથા અન્ય.....

# બે બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલ્યો

# બાઈક ચોરી કરતી સીકલીકર ગેંગના રીઢા ચોરને મહેમદાવાદમાંથી દબોચતી મોડાસા ટાઉન પોલીસ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર રાજ્યમાં બાઈક ચોરી કરી ભંગારમાં અને અન્ય રાજ્યમાં સસ્તા ભાવે વેચી મારતી અનેક ગેંગ સક્રીય છે જેમાં ખેડા જીલ્લાના મહેમદાવાદના શીખવાડા વિસ્તારમાં રહેતી સીકલીકર ગેંગ બાઈક ચોરી અને ઘરફોડ ચોરીના ગુન્હાને અંજામ આપવામાં ખુબ જ શાતીર છે મોડાસા શહેરમાં સીકલીકર ગેંગેના ત્રણ યુવકો પલ્સર બાઈક પર ત્રાટકી શહેરના બે જુદા જુદા રહેણાંક વિસ્તારમાં ત્રાટકી બે શાઈન બાઈકની ચોરી કરી રફુચક્કર થઇ જતા બાઈક ચોરીની ફરિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાતા ટાઉન પોલીસે નેત્રમ કેમેરા અને બાતમીદારોની મદદથી બાઈક ચોરીમાં સંડોવાયેલ સીકલીકર ગેંગના રીઢા ચોરને મેહમદવાદથી દબોચી લઇ બે બાઈક રીકવર કરી બાઈક ચોરીમાં સંડોવાયેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા હતા

મોડાસા શહેરની અમરદીપ અને જીલાનીપાર્ક સોસાયટીમાંથી હોંડા સાઈન બાઈકની ચોરી થતા આ અંગે ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા મોડાસા ટાઉન પી.આઈ.એન.જી.ગોહીલ શહેરમાં બાઈક ચોરી કરતા ચોરને ઝડપી પાડવા નેત્રમ કેમેરાની મદદ લેતા કેમેરામાં પલ્સર બાઈક પર પસાર થતા ત્રણ શકમંદ શખ્સો જોવા મળતા પોલીસે વીવીધ ટીમો બનાવી બાતમીદારો સક્રીય કરતા ત્રણે શખ્સો મહેમદાવાદની સીકલીકર ગેંગ સાથે સંકળાયેલ હોવાની ચોક્કસ માહીતી મળતા પોલીસ મહેમદાવાદના શીખવાડામાં ત્રાટકી કરતારસીગ ઉર્ફે કલ્ટી ઈશ્વરસિંગ ટાંક (સિકલીકર)ને ઝડપી પાડી બે ચોરી કરેલ બાઈક અને બાઈક ચોરી કરવામાં ઉપયોગમાં લીધેલ પલ્સર બાઈક મળી કુલ.રૂ.૧.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ અન્ય બાઈક ચોરીમાં સંડોવાયેલ શખ્શોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા આ અંગે મોડાસા ટાઉન પી.આઈ.નિતીમીકા ગોહિલે જણાવ્યું હતું કે બાઈક ચોરીમાં ઝડપાયેલ કરતારસિંગ ઉર્ફે કલ્ટી ટાંક રાજ્યમાં ઘરફોડ અને બાઈક ચોરીના ગુન્હાને અંજામ આપતી સિકલીકર ગેંગનો રીઢો ચોર હોવાની સાથે અનેક બાઈક ચોરી અને ઘરફોડ ચોરીના ગુન્હાને અંજામ આપ્યો હોવાનો અને સાબરમતી જેલમાં બે વર્ષ ચોરીના ગુન્હામાં સજા ભોગવી ચુક્યો છે

# ચાણસ્મા પોલીસ સ્ટેશનના પી.આઈ નો વિદાય સમારંભ તેમજ નવનિયુક્ત પી આઈ નો સત્કાર સમારંભ યોજાયો

તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ પોલીસ મથકની ખાતે છેલ્લા બે વર્ષથી પ્રમાણિક અને નિષ્ઠાપૂર્વક તેમજ એક જાંબાજ અધિકારી તરીકે નામના ધરાવતા પી.આઈ શક્તિસિંહ ગોહિલની પાટણ જિલ્લાના બી ડિવિઝન પોલીસ મથકે બદલી થતાં આજરોજ વિદાય સમારંભ યોજાયો હતો

પ્રાપ્ત થતી માહિતી મુજબ આજરોજ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ સરસ્વતિ શિશુ મંદિરમાં ચાણસ્મા પોલીસ મથકના પી.આઈ શક્તિસિંહ ગોહિલ સાહેબ નો વિદાય સમારંભ તેમજ નવનિયુક્ત પી.આઈ વસાવા સાહેબ નો સત્કાર સમારંભ યોજાયો હતો જેમાં ગામની સંસ્થાઓ ના હોદેદારો અને રાજકીય વિવિધ આગેવાનો તેમજ પોલીસ સ્ટાફના મિત્રો તેમજ પત્રકાર મિત્રો દ્વારા વિવિધ મોમેન્ટો આપી વિદાય માન અપાયું હતું આ પ્રસંગે પી.આઈ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે મને ચાણસ્મા ખાતે ફરજ બજાવવામાં બે વર્ષ જેટલો સમય વીત્યો જેમાં તાલુકાના તમામ લોકોએ વિવિધ રાજકીય આગેવાનોએ તેમજ પત્રકાર મિત્રો ને મને સારો સપોર્ટ મળી રહ્યો હતો તેમજ નવનિયુક્ત પી.આઈ વસાવા સાહેબે જણાવ્યું હતું કે જે ગોહિલ સાહેબ ને જેટલો સપોર્ટ કર્યો છે તેઓ મારી કામગીરીમાં પણ કરજો જેથી ગુનાખોરીનું પ્રમાણ ઘટે અને તાલુકાની પ્રજા સુખ અને શાંતિથી જીવન વિતાવે આ પ્રસંગે સમગ્ર ચાણસ્મા પોલીસ સ્ટાફ તેમજ ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ રાજુભાઈ પટેલ. બક્ષીપંચ મોરચાના વિનય સિંહ ઝાલા . તાલુકા કોંગ્રેસ પ્રમુખ નાગજી ભાઈ દરબાર. નગરપાલિકા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ .નગરપાલિકા પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ. કોમર્શિયલ બેંક ના પ્રમુખ નિલેશ (બકાભાઈ) . પટેલ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ બાબુભાઈ પટેલ .પૂર્વ ઉપપ્રમુખ પાટણ જિલ્લા ભાજપ મુકેશભાઈ દાઢી .

ભારત વિકાસ પરિષદ પ્રમુખ પરસોતમભાઈ પટેલ. (ડેવીડ ) સરસ્વતી શિશુ મંદિર ટ્રસ્ટી મુકેશભાઈ પટેલ .ચાણસ્મા તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ નટુભાઈ પટેલ .નવીનભાઈ પટેલ (પૂર્વ ચાણસ્મા શહેર ભાજપ પ્રમુખ) . અશ્વિનભાઈ ચાણસ્મા શહેર મહામંત્રી ભાજપ. કિરણભાઈ ઠાકોર. સહિતના ઉપસ્થિત રહ્યા હતા રીપોટર નિખિલ જોશી પાટણ

# માણાવદર તાલુકામાં સર્વત્ર વરસાદથી નદી, નાળા, ચેકડેમો છલકાયા

શહેર સહીત સૌરાષ્ટ્રભરમાં અષાઢ મહીનાના આરંભ સાથે જ આકાશી હેત રુપ વરસાદ વરસવા લાગતા વાતાવરણ ઠંડુ ગાર થવા સાથે લોકોને ગરમીમાંથી રાહત મળી છે. જયારે વાડી ખેતરોમાં વાવેલી મોલાત માટે વરસાદ ખરા અર્થમાં જીવનદાન સમો સાબીત થઇ રહયો હોવાથી ખેડુતોના ચહેરા ઉપર પણ ખુશીના મોજા ખીલ્યા છે. જેમાં આજે માણાવદર પંથકમાં મેઘરાજાએ મુકામ કરી પાજોદ ગામે ૮ ઈંચ તથા બુરી ગામે પણ માત્ર ર કલાકમાં ૬ ઈંચ પાણી વરસાવી દીધુ હતુ.

માણાવદર તાલુકામાં આજે ભારે ઉકળાટથી પશુ પક્ષી ગરમીથી ત્રસ્ત હતા. જેમાં સવારથી જ કાળા ડિબાંગ વાદળોએ રૌદ્ર સ્વરુપ ધારણ કરી પંથકમાં ઝંઝાવાતી અનરાધાર વરસાદે સમગ્ર પંથકને ધમરોળી નાખ્યું હતુ.

શહેરમાં સુપડાધારે વરસાદ સાથે પ્રચંડ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. સતત બે કલાક વરસાદથી શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. સમગ્ર વિસ્તારમાં અતિ રૌદ્ર સ્વરૂપે વરસાદે માત્ર ર કલાકમાં શહેરમાં ૩, બુરી ૬, મટીયાણા ગામે ૫ ઈંચ, લીંબુડા ગામ ૬ ઈંચ, કોડવાવ ગામે ચાર ઈંચ, પાજોદ ગામે અતી ભારે ૮ ઈંચ જેટલો વરસાદ પડયો હતો. જેથી પાજોદ ગામે ખેતરો તળાવમાં ફેરવાયા માણાવદર તાલુકામાં પડેલા સર્વત્ર વરસાદથી નદી નાળા ચેકડેમો છલકાયાં હતા

અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

# મોડાસા : મંડળીના ચેરમેને પરિવારના નામે લાખ્ખો રૂપિયા લોન લઈ મેનેજરને આપ્યા, મેનેજરે લોન ન ભરતા ચેરેમેને વખ ઘોળ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ


મોડાસા ઉમીયા શરાફી મંડળીમાં ચેરમેન તરીકે સેવા આપનાર પૂર્વ ચેરમેનને ધરમ કરવા જતા જીવ ખોવાનો વારો આવ્યો છે ઉમીયા શરાફી મંડળીમાં ચેરમેન તરીકે સેવા આપનાર વણીયાદ ગામના રમેશભાઈ જેશીગભાઈ પટેલે તેમના પરિવારના નામે મંડળીમાંથી લોન લઈ મેનેજર સંજય ડાહ્યાભાઈ પ્રજાપતિને મોડાસામાં નવીન મકાન લેવા લાખ્ખો રૂપિયાની મદદ કર્યા પછી મેનેજરે લોન નહીં ભરતા સમાજમાં આબરૂ જવાના ડરે દુકાન વેચી લોન ભર્યા પછી પણ તેમના દીકરા અને સબંધીના નામે બાકી લેણાંની નોટીસ કાઢતા પૂર્વ ચેરમેનને લાગી આવતા સુસાઈડ નોટ લખી ઝેરી દવા પી જીવન ટૂંકાવી દેતા ભારે ચકચાર મચી છે મોડાસા રૂરલ પોલીસે મૃતકની સુસાઈડ નોટ કબ્જે લઈ મેનેજર સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા હતા.

વાણીયાદના રમેશભાઈ જેશીગભાઇ પટેલ સમાજની મોડાસા બસ સ્ટેન્ડ પાછળ નવરંગ ગેસ્ટ હાઉસ નીચે આવેલ ઉમીયા શરાફી મંડળીમાં ચેરમેન તરીકે સેવા આપતા હતા મંડળીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા મોડાસાના સંજય ડાહ્યાભાઈ પ્રજાપતિને નવું મકાન લેવું હોવાથી ઉમીયા શરાફી મંડળીમાં સમાજના વ્યક્તી સિવાય અન્ય કોઈને લોન નહી મળતી હોવાથી ચેરેમેને મિત્રતામાં તેમના પરીવારના સદસ્યો ના નામે લોન લઈ આપ્યા પછી મેનેજરે લોન ભરવામાં ગલ્લાંતલ્લાં કરતા ચેરમેન તરીકેનો ફરજકાળ પૂરો થતા તેમને તેમની બસસ્ટેન્ડ પાછળ આવેલી દુકાન વેચી લોન ભરપાઈ કરી દીધી હતી તેમ છતાં તેમના પુત્રના અને અન્ય સબંધીના નામે ૧૦ લાખ કરતા વધુ લોન અને વ્યાજની રકમ બાકી હોવાની નોટીસ કાઢતા રમેશભા પટેલ લાગી આવતા સમાજમાં આબરૂ જવાની બીકે ગામના ખેતરમાં જઈ મંડળીના મેનેજરે તમને આત્મહત્યા કરવા મજબુર કર્યો હોવાની સુસાઈડ નોટ લખી આત્મહત્યા કરી લેતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતુ મૃતકના પુત્રને સુસાઇડ નોટ મળી આવતા મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મૃતકે આત્મહત્યા કરી લેતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી

મોડાસા રૂરલ પોલીસે મૃતકના પુત્ર બ્રીજલ રમેશભાઈ પટેલ (રહે,વણીયાદ) ની ફરિયાદના આધારે સંજય ડાહ્યાભાઈ પ્રજાપતિ (રહે, દ્વારકાપુરી,મોડાસા) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૬ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા


આજરોજ તા.૨૫ જુલાઈ રવિવારે સવારે ૮-૦૦ વાગે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે માનવ કલ્યાણ ટ્રસ્ટ, ગાયત્રી પરિવાર નારણપુરા, ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ તથા જય ભગવાન ટ્રસ્ટ અને ઓરીન ફાઉન્ડેશન થકી સીવીલ હોસ્પિટલ સોલા ખાતે વન સંરક્ષક શ્રી રાજ સંદીપ સર આઇ.એફ.એસ.ની સુચના તથા માર્ગદર્શન હેઠળ અને નાયબ વન સંરક્ષક શ્રી સકકીરા બેગમ આઇ.એફ.એસ.ની મદદથી ૧૧૧ ઝાડ ના વૃક્ષારોપણ કાર્યક્રમમાં વનવિભાગના પેથાણી સાહેબ તેમજ ઉપરોક્ત સેવાભાવી સંસ્થાઓના સહયોગ અને હાજરીમાં દર્દીઓ અને તેના સગાઓને ચા,નાસ્તો અને ફળ વિતરણ કરવામાં આવ્યું હતું


नैनं छिन्दन्ति शस्त्राणि ।नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति....।।
પાટણ ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ પરિવાર
દશમાનું બેસણું



સ્વ. રમાબેન રમેશચંદ્ર ત્રિવેદી

ઈશ્વર પ્રાર્થના સહ અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે ગોરસ્થાન ખડકી, ઝીણીરેત, પાટણ નિવાસી અમારા માતૃશ્રી રમાબેન રમેશચંદ્ર ત્રિવેદી નું ૮૪ વર્ષની વયે તા. ૧૭-૦૭-૨૦૨૧ ને શનિવારે સાંજે ૭-૧૭ વાગે દુઃખદ અવસાન થયેલ છે. તેઓનું દશમાનું (૧૦) બેસણું તા.૨૬-૦૭-૨૦૨૧ને સોમવારે નીચેના સ્થળે રાખેલ છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કોરોના નિયમોનું પાલન કરવા વિનંતી...

સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦

બેસણું સ્થળ : પાટણ ઔદિચ્ય સહસ્ત્ર જ્ઞાતિની વાડી, મહાદેવના પાડા સામે, જગન્નાથ મંદિર પાસે, અંબાજી મંદિર રોડ, ઘીવટો, પાટણ (ઉ.ગુ)

બકુલેશ રમેશચંદ્ર ત્રિવેદી મો.76003 31234
મુકેશ રમેશચંદ્ર ત્રિવેદી મો. 99246 55421
અલ્કેશ રમેશચંદ્ર ત્રિવેદી (એડ્વોકેટ એન્ડ નોટરી) મો. 82001 93243
બકુલ અનિરૂધ્ધભાઇ રાવલ (જમાઇ- અમદાવાદ)

મીનાબેન બકુલેશભાઇ ત્રિવેદી મો.93286 53018
ભાવનાબેન મુકેશભાઇ ત્રિવેદી મો.99046 72766
જયશ્રીબેન બકુલભાઇ રાવલ (દિકરી - અમદાવાદ)
નિરવ બકુલેશભાઇ ત્રિવેદી મો.99090 32544
જીગર બકુલેશભાઇ ત્રિવેદી મો. 99249 34480

સમસ્ત ત્રિવેદી પરિવાર


# ITI ના વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ ના HSIના હજારો વિદ્યાર્થીઓ ના એક વર્ષ જેટલો સમયગાળો પૂરો થયો છતા પરિણામ ના આવતા વિદ્યાર્થીઓ ની આંદોલન ની ચીમકી

રાજ્ય સરકાર ના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા એક વર્ષ નો HSI(Health and Sanitary Inspector) નો કોર્ષ ચલાવવામાં આવે છે.હાલ માં ચાલતી કોરોના ની મહામારી માં આ કોર્ષની ડીમાન્ડ ખુબજ છે અને એક વર્ષ નો કોર્ષ પૂરો કર્યા બાદ સરકારી અને ખાનગી હોસ્પિટલ તથા અન્ય જગ્યા ઉપર આ કોર્ષ કરેલ વિદ્યાર્થીઓ ને નોકરી ની પુષ્કળ તકો રહેલી છે.આ કોર્ષ ય્ઝફ્ અને NCVT દ્વારા ચલાવવામાં આવે છે.હાલમાં વર્ષ ૨૦૧૯ માં પ્રવેશ મેળવનાર હજારો વિદ્યાર્થીઓ નો કોર્ષ ૨૦૨૦ માં અને ૨૦૨૦ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ નો કોર્ષ ૨૦૨૧ માં પૂરો થઇ જવો જોઈએ પરંતુ આવા હજારો વિદ્યાર્થીઓ દ્વારા સરકાર ના અલગ અલગ વિભાગો માં વારંવાર રજુવાત કરવા છતા ૨૦૧૯ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ ને કોર્ષ પૂરો થયા ને એક વર્ષ જેટલો સમય ગાળો થયા હોવા છતા આ વિદ્યાર્થીઓ ને પરિણામ થી વંચિત રાખવામાં આવ્યા છે.હાલ માં કોરોના ની મહામારી માં HSI(Health and Sanitary Inspector) નો કોર્ષ કરેલ લોકોની ખુબ જરૂર છે ત્યારે આવા હજારો વિદ્યાર્થીઓ એ સરકાર ને માંગ કરી છે કે અમારું તાત્કાલિક પરિણામ જાહેર કરવામાં આવે અને જો તાત્કાલિક પરિણામ જાહેર કરવામાં ન આવે તો આવનારી સરકારી અને બિનસરકારી નોકરી માં અમને ઉમેદવારી કરવાની છુટ આપવામાં આવે. આવા હજારો વિદ્યાર્થીઓ એછેલ્લા એક વર્ષ જેટલા સમયગાળા સુધી બધે રજુવાત કરતા કોઈ પરિણામ ન મળતા ના છુટકે આ વિદ્યાર્થીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ની ચીમકી આપી છે.શુ સરકાર માં આ વિદ્યાર્થીઓ ના પ્રશ્નો સાંભળવામાટે કોઈ નથી .શુ આ પ્રશ્નો નો આંદોલન એજ ઉપાય છે ?.આવા ઘણા પ્રશ્નો શિક્ષણવિદો ના મનમાં ઉદ્ભવે છે

## રાજ્યપાલના હસ્તે 'સ્વાસ્થ્ય સુધા' અને 'વચનામૃતમ' ગ્રંથના હિન્દી સંસ્કરણનું વિમોચન કરાયું

# ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ઐતિહાસિક યાત્રાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, કુંડળધામની મુલાકાત લીધી

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ બોટાદ જિલ્લાના ઐતિહાસિક યાત્રાધામ શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડળધામની મુલાકાત પ્રસંગે જણાવ્યું હતું કે, પરમાત્માએ આપણને સુંદર પ્રકૃતિ અર્પણ કરી છે જેનું આપણે અનાવશ્યક દોહન ન કરવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે , જો આપણે અનાવશ્યક દોહન કરીએ છીએ ત્યારે પ્રકૃતિ નારાજ થાય છે અને તેના માઠા પરિણામો આજે આપણે જોઈ શકીએ છે.

રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં કહ્યું કે વેદ વાણી આપણને મનુષ્ય બનવાની પ્રેરણા આપે છે . તેમણે એમ પણ કહ્યું કે, આજે આપણે મનુષ્ય બનવાના બદલે ધર્મના વાડાઓમાં વહેંચાઈને એકબીજા પ્રત્યે ઈર્ષા અને દ્વેષભાવ કરીએ છીએ ,જેની વિશ્વમાં અશાંતિ ઊભી થઈ છે. રાજ્યપાલશ્રીએ સંતોના સમાજસેવા અંગેના કાર્યની પ્રશંસા કરતાં કહ્યું કે, સંતો વાદળ જેવા હોય છે, જેમ વાદળ સમુદ્રનું ખારું પાણી મીઠું બનાવે છે, તે જ રીતે સંતો પણ સમાજમાં પરોપકારની વૃત્તિ દ્વારા લોકોને શાતા આપે છે.

આચાર્ય દેવવ્રતજી એ આ પ્રસંગે કુંડળ ધામ સ્વામિનારાયણ મંદિરની પ્રવૃત્તિઓની પ્રશંશા કરતા કહ્યું કે, સંતો આધ્યાત્મિક જ્ઞાન દ્વારા સમાજમાં મન અને આત્માને બળવાન કરી સમગ્ર વિશ્વના કલ્યાણનું કાર્ય કરી રહ્યા છે.

રાજ્યપાલશ્રી અને પૂજ્ય જ્ઞાનજીવન સ્વામીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ આ અવસરે વૃક્ષોનો મહિમા વર્ણવતા કહ્યું કે આપણા શાસ્ત્રોમાં વૃક્ષોને દેવતા કહેવામાં આવ્યા છે જેમ દેવતા જીવન આપે છે તેમ વૃક્ષો પણ જીવનદાયી છે અને તેથી જ આપણે વૃક્ષોની પૂજા કરીએ છીએ તેમણે ઉમેર્યું કે વૃક્ષોની પૂજા દ્વારા આપણે પરમાત્માની વ્યવસ્થામાં સહયોગ આપીએ છીએ.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કુંડળખાતે આવેલ કુંડલેશ્વર મહાદેવ, મુખ્ય મંદિર, દરબાર ગઢ, ઔષધવાટીકા, પ્રાકૃતિક કૃષિ, પવિત્ર ઉતાવળી નદી, જોગીવન તથા ગૌશાળાની મુલાકાત લઈ ગૌમાતાનું પૂજન કર્યું હતું.

આ અવસરે રાજ્યપાલશ્રી દ્વારા 'સ્વાસ્થ્ય સુધા' અને 'વચનામૃત' હિંદી ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુંડળધામના પૂજ્ય જ્ઞાનદાસજી



સ્વામીના શિષ્ય અક્ષરનિવાસી સંત પુજય અચલસ્વરૂપદાસજી સ્વામીની સ્મૃતિમાં ૧૧૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ તથા વિવિધ ગામોથી આવેલા હરિભક્તોને વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શનાબેન દેવી તથા શ્રી મહેંન્દ્ર દૈયાજી, શ્રીમતી સુશીલાબેન દૈયાજી, જિલ્લા કલેક્ટરશ્રી તુષાર સુમેરા, અધિક નિવાસી કલેક્ટર શ્રી મુકેશ પરમાર ,પોલીસ અધિક્ષક શ્રી હર્ષદ મહેતા, પૂજ્ય ઘનશ્યામ જીવનસ્વામી, પૂજ્ય શ્રીરંગ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, સર્વ શ્રી ઘનશ્યામભાઈ, અશોકભાઈ, પંકજભાઈ સહિતના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# માણાવદરના વીજ કર્મચારીઓનું વૈષ્ણવ સંપ્રદાયના વડા દ્વારા જાહેર સન્માન કરાયું



માણાવદર સ્થિત વીજ મથકની ઉત્તમોત્તમ સેવાની નોંધો આમજનતાએ તો લીધી જ છે પરંતુ તેની સેવાથી પ્રભાવિત થઈ કોઈ ધર્મ સંપ્રદાયના વડાએ જો વીજકંપનીઓ નું બહુમાન કર્યું હોય તો તેનો દાખલો માણાવદર માંથી મળે છે. આજે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરૂ પૂજન નો મહિમા મોટો ગણાય દરેક દીક્ષાર્થી પોતાના ગુરુનું પૂજન અવશ્ય કરે પરંતુ આવા પવિત્ર દિવસે પોતાના જીવને જોખમમાં મુકી લોકોની સેવા કરનાર વીજ કર્મચારીઓના કામથી પ્રભાવિત થઈને અહીના સર્વોત્તમ સેવા સંસ્થાના વૈષ્ણવ આચાર્ય શ્રી ૧૦૮ પ.પૂ શ્રી પરાગ બાવાશ્રીએ માણાવદર -૧ પીજીવીસીએલના કર્મચારીઓ અને અધિકારીઓનું સન્માન કરી ને કોરોના કાળ જેવા કપરા સમયમાં પણ ખડે પગે રહી હોસ્પિટલ તથા કોવિડ સેન્ટરોમાં વીજપુરવઠો ૨૪ કલાક જાળવી રાખી તથા વાવાઝોડા સમયે પણ વીજ પુરવઠો ખોરવાવા ના દેતા બાવાશ્રીએ આ કર્મચારીઓને બિરદાવી જાહેરમાં સન્માન કર્યું હતું

માણાવદર વીજક્ષેત્રની કાયમને માટે ઉત્તમ સેવા રહી છે તેનો કોઈ ઈન્કાર ન કરી શકે માણાવદર શહેરી વિસ્તારની લાઈનો જે ખારામાં પસાર થતી હતી પરિણામે વારંવાર ફોલ્ટ સર્જાતા હતા જેથી તેમણે આ લાઈનનો અંદર ગ્રાઉન્ડ કરી વીજ પુરવઠો અખંડ જાળવી રાખ્યો છે શહેરી વિસ્તારમાં નવું ફીડર કરી ગિરિરાજ નગર, ગોકુલ નગર અને અમૃત નગરના રહેવાસીઓને પડતી વીજ સમસ્યાઓને કાયમી ધોરણે સોલ્વ કરી દીધી છે ગ્રામીણ વિસ્તારમાં ખેતીવાડી લાઈનોમાં વિક્ષેપ ન થાય તે માટે તથા ગામડાઓમાં પણ વિક્ષેપ ન સર્જાય તે માટે પણ નવા વાસુદેવ હરિ નાગબાપા જેવા ફીડરો કરીને ઉત્તમ સેવા આપેલ હોય જેથી સર્વોત્તમ સેવા સંસ્થાના પ્રભાવિત થઈ હતી ને બાવાશ્રીએ તમામ કર્મીઓનું જાહેર સન્માન કર્યું હતું

તસવીર અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.